બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ સલ્લલ્લાહો અલય્ક યા વલીય્યલ્ અસ્રે અદરીકના

# અંતિમ નૂર

**પ્રસ્તાવના :**

પંદરમી શાબાનની મહાન અને પવિત્ર ઉજવણી દરેક જગ્યાએ જોવા મળે છે. દરેક સ્થળ શણગારવામાં આવે છે. દરેક જગ્યાએ આનંદ અને ખુશીની મહેફીલો જોવા મળે છે. આ પવિત્ર દિવસે શીઆઓનો ઉત્સાહ અને ખુશી સ્પષ્ટ દેખાય છે. ખરેખર આ દિવસને લોકો પવિત્ર ગણીને ગૌરવ અનુભવે છે.

પંદરમી શાબાન એ દિવસ છે, જેમાં શીઆઓ ઈલાહી પયગમ્બરોની ખુશખબરીની પરિપૂર્ણતા નિહાળે છે. આ એ દિવસ છે જેમાં ઈસ્લામ, કુર્આન અને અહાદીસે અઈમ્મા(અ.મુ.સ.)ની ખુશખબરી પ્રસ્થાપિત થશે.

આ તેમની વિલાદતનો દિવસ છે કે જે દુનિયાના પૂર્વ અને પશ્ચિમમાં ન્યાય સ્થાપિત કરશે અને તેમના શક્તિશાળી હાથો વડે ઝુલ્મ, કુફ્ર અને અધર્મતાને મીટાવી દેશે.

આ દિવસે ધરતી પર અલ્લાહના અંતિમ નૂરની સત્તા સ્થાપિત થશે. તેઓ હક અને બાતિલના લાંબા સંઘર્ષનો અંત લાવશે, તેમનુ ઝુહુર એટલે સત્યનો વિજય અને જુઠનો નાશ થશે.

આપ તે હસ્તી છે જેઓ અલ્લાહની મરજી વડે તકલાદી સિધ્ધાંતો પર ગલબો પામશે અને આખરી પયગંબર(સ.અ.વ.)ના મકસદોને આગળ ધપાવશે અને સફળતાપૂર્વક પરિપૂર્ણ કરશે.

તેઓ જહાલત અને જાતિભેદને દુનિયામાંથી મીટાવી દેશે અને સમાનતા સ્થાપી દેશે. તેઓ પૃથ્વીના ખજાનાઓને વિકસાવી, તેની ગરીબો દરમ્યાન વહેંચણી કરી તેઓને સ્વાવલંબી બનાવશે. તે સમયે ઈન્તેઝાર કરનારાઓની ગમગીન આંખો ખુશી અને ઉત્સાહના કારણે ખુશીના આંસુ સારશે અને નૂરથી ભરાઈ જશે.

ઈમામ મહદી(અ.સ.) વિષેનો અકીદો વાસ્તવિક અને ઈસ્લામનો મૂળભૂત અકીદો છે, જેને ઈસ્લામના બારામાં મર્યાદિત ઈલ્મ ધરાવનાર વ્યક્તિ પણ ખાતરી પૂર્વક સ્વિકારી લેશે.

દરેક મુસલમાન પર વાજીબ છે કે તે ઝમાનાના ઈમામ (ઈમામ મહદી અ.સ.)ને ઓળખે.

આથી આ મૂળભૂત અકીદાના ઈતિહાસનો સંક્ષિપ્તમાં અભ્યાસનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને અલ્લાહની સાચી હુજ્જતના જીવનની ઓળખાણ સંક્ષિપ્તમાં રજૂ કરીએ છીએ.

અમને આશા છે કે આ નાનામાં નાનો ''સંગ્રહ'' નમ્ર ભેટ તરીકે 'વક્તના સુલૈમાન' કબુલ ફરમાવશે.

(૧૫મી શાબાન, હી.સ. ૧૩૯૬)

## શુભ સંદેશ

એમાં કોઇ શક નથી કે પવિત્ર કુર્આન અલ્લાહની કિતાબ છે અને દુનિયાના તમામ મુસલમાન તેની તાલીમ અને સુચનોને સ્વિકારે છે.

જ્યારે કોઇ આ કિતાબ (કુર્આન)ને ખોલે છે અને તેની આયતો તરફ નજર કરે છે, તો તેને સૃષ્ટીના એક અનોખા અને ઉત્તેજક ભવિષ્ય અને તેના અંતના બારામાં સ્પષ્ટ દ્રશ્ય જોવા મળે  છે.

પવિત્ર કુર્આન ફરમાવે છે કે ઇસ્લામના પવિત્ર પયગમ્બરનો આખરી હેતુ એ છે કે દુનિયાના બીજા બધા ધર્મો પર ઇસ્લામ ધર્મ પ્રબળ બને અને એક દિવસ આ પવિત્ર અભિલાષા જરૂર પરિપૂર્ણ થશે જેવી રીતે કુર્આને પાક બયાન કરે છે.

***''તે અલ્લાહ એ જ છે જેણે પોતાના રસુલ(સ.અ.વ.)ને હિદાયત તથા સત્ય ધર્મની સાથે મોકલ્યા (એ માટે કે) તે (સત્ય ધર્મ)ને સર્વ ધર્મો પર પ્રબળ કરી દે (પછી) ભલેને મુશ્રીકોને અણગમતુ (કેમ ન) લાગે''(૧)***

(૯:૩૩)

અલ્લાહના આખરી પયગમ્બરની ઇલાહી કિતાબમાં ખુશ ખબરી આપવામાં આવી છે કે અંતે દુનિયા પર હુકુમત અલ્લાહના સાચા અને સાલેહ બંદા કરશે.

***''બેશક આ સર્વ ભૂમી અલ્લાહની જ છે, તે પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે, તેને તેના વારસ બનાવે છે અને ઉત્તમ પરિણામ પરહેઝગારો માટે જ છે''(૨)***

(૭:૧૨૮)

પૃથ્વી ભ્રષ્ટાચાર, વિનાશ અને જહાલતથી ભરેલી હશે જેમ કે એક નિર્જીવ શરીર, તેને ન્યાયના ઝળહળીત નૂરથી સજીવન કરવામાં આવશે જેમકે કુર્આનમાં દર્શાવવામાં આવ્યું છે.(૩)

આપણે પવિત્ર કુર્આનમાં તિલાવત કરીએ છીએઃ

*''તે સઘળા લોકોથી કે જેઓ તમારામાંથી ઈમાન લાવ્યા છે તથા સદકાર્યો કર્યા છે, અલ્લાહે એવો વાયદો કર્યો છે કે તેમને અવશ્ય ભૂમીમાં વારસ બનાવશે જેમ કે તેમની અગાઉના (લોકો)ને વારસ બનાવ્યા હતા અને તેમના માટે દીન ઈસ્લામ કે જે તેણે તેમના માટે પસંદ કર્યો છે, અવશ્ય સ્થાપી દેશે અને તેમના ભયને તે પછી જરૂર શાંતિમાં બદલી નાખશે, કે તેઓ મારી જ ઈબાદત કરે છે અને કોઈ વસ્તુંને મારી શરીક બનાવતા નથી''(૪)*

(૨૪:૫૫)

સર્વ શક્તિમાન અલ્લાહ આ પણ ફરમાવે છેઃ

*''તેઓ તો આ ચાહે છે કે અલ્લાહના નૂરને પોતાના મોઢેથી (ફુંકો મારી) બુજાવી નાખે, પણ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કરી રેહનાર છે, પછી ભલેને નાસ્તિકોને તે ગમે નહી''(૫)*

(૬૧:૮)

પવિત્ર કુર્આનમાં દર્શાવવામાં આવેલ ઈલાહી ખુશ ખબરીની આ અમુક ટૂંકી મિસાલો છે. આ બાબતો અને બીજી આવી ઘણી બાબતોના અભ્યાસ દ્વારા સમજાશે કે ઈસ્લામીક સંદેશ તેના સંપૂર્ણ પરિપૂર્ણતાએ પહોંચશે, જ્યારે આ પવિત્ર અભિલાષાઓ અને ઈચ્છાઓ પ્રસ્થાપિત થશે. બધા મનઘડીત અને અંધશ્રધ્ધાળુ મકસદો ગાયબ થઈ જશે અને પછી ફક્ત ઈસ્લામ, અજોડ અને સત્ય મઝહબ પર દુનિયાના પૂર્વ અને પશ્ચિમમાં લોકોનું ઈમાન હશે. અન્યાય, ઝુલ્મ અને અસમાનતા અદ્રશ્ય થઈ જશે અને તેના બદલે ન્યાય અને સમાનતા જે દુનિયાની ખીલ્કતનો નિયમ છે તે દરેક જગ્યાએ સ્થાપિત થશે. દુનિયાના દરેક ખુણામાં ઈલાહી ખલીફાની સર્વભૌમિકતા સ્થપાશે. અલ્લાહની હિદાયતનું નૂર ચમકશે અને દુનિયામાં સાલેહ બંદાઓની હુકુમત હશે.

હાં, પવિત્ર કુર્આન શુભ સંદેશ આપે છે, કે એક દિવસ આવશે જ્યારે દુનિયાના બધા મુસલમાન આવા ઝમાનાનો ઉત્સાહ પૂર્વક ઈન્તેઝાર કરતા હશે.

પવિત્ર કુર્આન બાદ પવિત્ર પયગમ્બર અને માનનીય અઇમ્મા(અ.સ.)ની હદીસો ઇસ્લામી તઅલીમાતનો સૌથી મહત્વનો અને અમુલ્ય ખઝાનો છે. દરેક મુસલમાન પર વાજીબ અને જરૂરી છે કે પવિત્ર પયગમ્બર(સ.અ.વ.) અને પવિત્ર અઇમ્મા (અ.સ.)ની હદીસોનું અનુસરણ કરે અને તેઓના હુકમ મુજબ વર્તે. કારણકે તેમના હુકમને પાળવાનું અલ્લાહની કિતાબમાં ખાસ રીતે અને સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે.(૬)

ઇસ્લામી હદીસોના મોતીઓના દરિયામાં ન્યાયી હુકુમતની ખુશ ખબરી જોઇ શકાય છે. તદ્‌ઉપરાંત ઇલાહી ક્રાંતિ અને ઇલાહી ઇમામના બારામાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે પવિત્ર અભિલાષાને પરિપૂર્ણ કરશે.

ઇસ્લામના પવિત્ર પયગમ્બર(સ.અ.વ.) ફરમાવે છે

***“જ્યારે આ દુનિયાના અસ્તિત્વનો સમયગાળો સંપૂર્ણ થઇ જશે અને જો આ દુનિયાના અંતને ફક્ત એક જ દિવસ બાકી હશે તો પણ અલ્લાહ તઆલા તે દિવસને એટલો લંબાવી દેશે કે મારા વંશમાંથી એક વ્યક્તિ, જેનું નામ મારૂ નામ અને જેની કુન્નિયત મારી કુન્નિયત (અબુલકાસિમ) હશે. તેમની આખરી હુકુમત તેમાં સ્થાપિત થઇ જાય, તે જમીનને ન્યાય અને સમાનતાથી એવી રીતે ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મ અને અન્યાયથી ભરેલી હશે.”(૭)***

આ અનમોલ હદીસનો સંદર્ભ એક નિશ્ચિત શુભ સંદેશ જાહેર કરવાનો છે અને લોકોને ન્યાયી હુકુમત, કામ્યાબી અને ઇલાહી વાયદાની જાણ કરવાનો છે, જેનો ઘણી બધી શીયા અને સુન્ની હદીસોમાં ઝિક્ર છે.

બીજી એક હદીસમાં પવિત્ર પયગમ્બર(સ.અ.વ.) હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.)ને ફરમાવ્યુઃ

***“મારા બાદ બાર હાદી (અઇમ્માહ) હશે, યા અલી તેમાંના પ્રથમ તમે છો અને આખરી ‘અલ કાએમ’ હશે, જે અલ્લાહ સર્વ શક્તિમાનના ફઝ્‌લથી દુનિયાના પૂર્વ અને પશ્ચિમ પર વિજય પ્રાપ્ત કરશે.”(૮)***

અઇમ્મએ માઅસુમીન(અ.સ.)એ લોકોને ઘણી હદીસોમાં ઈલાહી વાયદો અને બારમાં ઇમામની હુકુમતના મહત્વની યાદ અપાવી છે અને તેઓને કહેવામાં આવ્યુ છે કે તે મહાન નજાત આપનારનો ઇન્તેઝાર કરવો સૌથી અમુલ્ય અમલ છે અને તેમનું અનુસરણ કરનારા અને વફાદાર એજ ઉત્તમ અને પ્રિય લોકો છે.

અમુક હદીસો ઉદાહરણ રૂપે અહી દર્શાવવી પુરતી રહેશે.

(૧) જ્યારે ઇમામ હસન અલ્ મુજતબા(અ.સ.) ખિલાફતની ગાદી પર હતા, ત્યારે આપ(અ.સ.) મુનાફિક મોઆવીયા સામે જંગ કરી. જેણે (માઅવીયાએ) તેના લુચ્ચા અધિકારીની મદદ વડે ઇમામ હસન (અ.સ.)ના સાથીઓને છેતર્યા, જેઓએ ઇમામ(અ.સ.)નો સાથ છોડી દીધો અને ઇમામ(અ.સ.)ને એકલા મુકી દીધા. જેથી તેમને મોઆવીયા સાથે સુલેહ કરવી પડી, જેમાં (મોઆવીયા) પર અમુક શર્તો લાદવામાં આવી હતી, જેમાં તેના ઉતરાધિકારી નીમવાની અને જંગ કરવાની પાબંદી હતી. અમુક મૌકાઓ પર ઇમામ(અ.સ.)એ લોકોને મોઆવીયાના ભૂલ ભરેલા અને અન્યાયી કાર્યો બતાવવાની તક લીધી, તે દરમ્યાન અમુક જાહિલ લોકો ઇમામની ટીકા કરવા લાગ્યા કે ઇમામે શા માટે સુલેહ સ્વીકારી? ઇમામ હસન(અ.સ.)એ લોકોને ઇમામના અર્થની સ્પષ્ટતા કરી અને ઇમામના દરેક હુકમને ચું કે ચા વગર કબુલ કરવાની જરૂરત વિષે સ્પષ્ટતા કરી, ત્યાર બાદ તેમણે બારમાં ઇમામ(અ.સ.)ની હુકુમતના બારામાં સમજાવતા, ફરમાવ્યું:

*''શું તમે જાણતા નથી કે અમારામાંના દરેક ઇમામને તેના ઝમાનાના ઝાલિમના શાસન હેઠળ રહેવાની ફરજ પડશે. સિવાય 'અલ કાએમ(અ.ત.ફ.શ.)' કે જેમની પાછળ રૂહુલ્લાહ (હ. ઇસા અ.સ.) નમાઝ પડશે અને અલ્લાહ સર્વ શક્તિમાન તેમની વિલાદતને અમુક લોકોથી ગુપ્ત રાખશે અને તેમની ઝાતને લોકોની નજરથી છુપી રાખશે. જ્યારે ઇમામ(અ.સ.) ઝુહુર ફરમાવશે ત્યારે આપ(અ.સ.) કોઇના શાસન હેઠળ નહિ હોય, તેઓ મારા ભાઇ હુસૈન(અ.સ.)ના વંશ માંથી નવમાં ફરઝંદ હશે, એક રાજકુમારીના ફરઝંદ હશે, અલ્લાહ તેમની ઉમ્રને દૌરે ગયબતમાં લંબાવી દેશે અને અલ્લાહની સંપૂર્ણ કુદરત દ્વારા તેઓ ચાલીસ*

*વર્ષ કરતા ઓછી ઉમ્રના એક જવાન જેવા દેખાશે, જેથી સર્વે લોકો જાણશે કે ખરેખર અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે''(૯)*

(૨) ઇમામ જઅફરે સાદિક(અ.સ.) તેમના એક સહાબીને તેમની બાદ ઇમામ બાબતના પ્રશ્નનો ઉત્તર આપતા ફરમાવ્યું

*''મારી બાદ મારા ફરઝંદ મુસા ઇમામ છે અને ઇમામ જેનો ઇન્તેઝાર કરવામાં આવશે તે મોહમ્મદ ઇબ્ને હસન ઇબ્ને અલી ઇબ્ને મોહમ્મદ ઇબ્ને અલી ઇબ્ને મુસા છે.''(૧૦)*

અને એ જ ઇમામ સાદિક(અ.સ.)એ ઘણીવાર દોહરાવ્યું છે કેઃ

*''દરેક સમુહ એક હુકુમતનો ઇન્તેઝાર કરે છે અને અમે અમારી હુકુમત જે ઝમાનાના અંતમાં સ્થાપિત થશે તેનો ઇન્તેઝાર કરીએ છીએ.''*

(૩) સાતમાં ઇમામ મુસા ઇબ્ને જઅફર(અ.સ.)ને તેમના એક સહાબીએ સવાલ કર્યો કે શું તેઓ 'અલ કાએમ બિલ હકક' છે. તેના ઉત્તરમાં ઇમામ(અ.સ.)એ કહ્યુંઃ

*''હું 'અલ કાએમ બિલ હકક' છું પરંતુ તે 'અલ કાએમ' જે અલ્લાહના દુશ્મનોને દુનિયામાંથી નાબુદ કરશે અને જમીનને ન્યાય અને સમાનતાથી ભરી દેશે, તે મારા પાંચમાં વંશજ છે......લાંબા સમય સુધી ગયબતમાં હશે, તે દરમ્યાન લોકોનો એક સમુહ ગુમરાહ થશે, પરંતુ એક સમુહ એવો પણ હશે કે જેઓ અકીદાઓમાં અડગ હશે''(૧૧)*

ત્યાર બાદ ઇમામ(અ.સ.)એ કહ્યુંઃ

*''રેહમત નાઝિલ થાય અમારા શીઆઓ પર, જેઓ ઝમાનાના ઇમામ(અ.સ.)ની ગયબતના દૌરમાં અમારી વિલાયતની મઅરેફત ધરાવતા હશે અને અમારા દુશ્મનોથી દૂરી ઇખ્તેયાર કરશે, તેઓ અમારા છે અને અમે તેઓના છીએ. તેઓએ અમારી ઇમામતને સ્વિકારી અને અમે તેઓના તમસ્સુકથી રાજી છીએ, તેથી તેઓને મુબારક થાય, હું અલ્લાહની કસમ ખાઇને કહું છું કે તેઓ જન્નતમાં અમારી સાથે હશે.''(૧૨)*

(૪) અંતે અગિયારમાં ઇમામ હસન અલ્ અસ્કરી(અ.સ.) એ ફરમાવ્યું

*''હું જોઇ રહ્યો છું કે તમારી દરમ્યાન મારી બાદ થનારા ઈમામના બારામાં મતભેદો જાહેર થશે. જે કોઇ અલ્લાહના રસુલ(સ.અ.વ.) બાદ અઇમ્મા(અ.સ.)ને કબુલ કરશે પરંતુ મારા ફરઝંદનો ઈન્કાર કરશે, તે એવો છે જાણે કે તેણે તમામ અંબીયા(અ.સ.)ને કબુલ કર્યા પરંતુ અલ્લાહના રસુલ હઝરત મોહમ્મદ(સ.અ.વ.)ની નબુવ્વતનો ઈન્કાર કર્યો, અને જે કોઇ અલ્લાહના નબી મોહમ્મદ(સ.અ.વ.)નો ઈન્કાર કરે, તે એવો છે કે જાણે તેણે અલ્લાહના તમામ નબીઓનો ઈન્કાર કર્યો, કારણ કે અમારામાંના આખરીનું માનવું પ્રથમને માનવા સમાન છે અને અમારામાંના આખરીનો ઈન્કાર પ્રથમનો ઈન્કાર કરવા સમાન છે, પરંતુ આગાહ રહો! ખરેખર મારા ફરઝંદ માટે ગયબત હશે, જેમાં તમામ લોકો શંકામાં પડી જશે સિવાય કે જેની અલ્લાહ હીફાઝત કરે''(૧૩)*

પવિત્ર પયગમ્બર(સ.અ.વ.) અને માઅસુમ અઇમ્મા(અ.સ.) થી હદીસો ઘણી બધી છે, જેથી કરીને આ મહત્વના સિધ્ધાંત (અકીદા)થી આપણે સુમાહિતગાર થઇએ. એમ કહી શકાય કે સૌથી વધુ મહત્વની અને સૌથી વધુ હદીસો ઇમામતના વિષય પર શિયાની કિતાબોમાં છે.

બારમાં ઇમામની ઇમામત, તેમની હુકુમત અને બીજી સંબંધીત બાબતોનો વિષય હઝરત અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી(અ.સ.)ની ઇમામત અને ખિલાફતના વિષય પછી બીજા નંબરે આવે છે. શીઆ અને સુન્ની બંનેની કિતાબોમાં સેકડો હદીસો નોંધવામાં આવી છે.(૧૪) ઇસ્લામના દરેક ફિરકાના ઘણા આલિમોએ સ્વતંત્ર રીતે આ વિષય પર કિતાબોનું સંકલન કર્યુ છે(૧૫) અને તેની સંખ્યા ઘણી જીલ્દો સુધી પહોચે છે.

અઇમ્મા(અ.સ.)ની ઇસ્લામી ઇમામત, એક પછી બીજા ઇમામનો સમયગાળો ઝાલિમ હુકુમતના સમય દરમ્યાન પસાર થયો ત્યાં સુધી કે ઇમામ હસન અલ્ અસ્કરી(અ.સ.)ની ઇમામત આવી. આ પવિત્ર ઇમામે મુશ્કેલ પરિસ્થિતીમાં ઝીંદગી પસાર કરી. આપ(અ.સ.) જાહેરમાં ઓછુ દેખાઇ દેતા. આપના પ્યારા ફરઝંદ જે અલ્લાહની આખરી હુજ્જત છે, તેઓ અજનબીઓની નજરોથી ૨૬૦ હીજરી સુધી ગાયબ હતા.

જ્યારે ઇમામ અસ્કરી(અ.સ.)ના પવિત્ર વજુદના કિરણો શમી ગયા ત્યારે સર્વે લોકોની આંખો ઇમામ મહદી(અ.સ.)ના દર પર મંડાયેલી હતી.

---ooo---

## વિલાદત

પંદરમી શાબાન હી.સ.૨૫૫ના પરોઢીયે નૂરાની દુનિયાના કિરણો માનવરૂપમાં ઝળહળીત થયા. જે આ વિશ્વના અસ્તિત્વ માટે એક કારણ બની ગયું.

હાં! અંતે ઇલાહી વાયદો પરિપૂર્ણ થયો અને ઇન્કાર કરનારાઓના પ્રયત્નો છતા ઇમામ મહદી(અ.સ.)ની વિલાદત થઇ.

આ ઇતિહાસનો એક મોઅજીઝો છે કે બની ઉમય્યા, બની અબ્બાસ અને ઇમામ(અ.સ.)ના બીજા વિરોધીઓએ કોશીશ કરી કે આ ઇલાહી નૂરને બુજાવી દે, પરંતુ તેઓને તેમાં સંપૂર્ણ રીતે નાકામી મળી.

ઝાલિમ અને અત્યાચારી બની અબ્બાસના ખલીફાઓએ સાંભળ્યુ હતુ કે શીઆઓના બારમાં ઇમામ(અ.સ.) ન્યાયી હુકુમત સ્થાપિત કરશે અને દુનિયાના પૂર્વ અને પશ્ચિમ પર રાજ કરશે અને અન્યાયના પાયાઓનો નાશ કરશે. તેથી આ બનાવનો સામનો કરવા તેઓએ બની શકે તેટલો શીઆઓ પર ત્રાસ ગુજાર્યો અને તેમનું ખૂન વહેવડાવ્યું. શહાદત પામેલ શીઆઓના હાલાતનું વર્ણન આ વિશેની કિતાબોમાં જોવા મળે છે.(૧૬)

વર્ષ હી.સ. ૨૩૫માં અબ્બાસી ખલીફા મુતવક્કીલે હુક્મ કર્યો કે, દસમાં ઇમામ મોહમ્મદ અલ હાદી(અ.સ.)ના કુટુંબને મદીનાથી સામર્રાહ કે જે તેની હુકુમતનું કેન્દ્ર હતું ત્યાં ફેરવવામાં આવે, જેથી તે શીઆઓના ઇમામ પર સતત નજર રાખી શકે.(૧૭)

તેવીજ રીતે ઝમાનાનો ફિરઔન અબ્બાસી ખલીફા મોઅતમીદ ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.)ના ફરઝંદથી ડરતો હતો. તેણે જાસુસો અને સુયાણીઓની ટુકડી બનાવી, જેથી તે અલવીઓના ઘરોની તલાશી લે અને ખાસ કરીને ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.)ના ઘરની

નિગરાની કરે. જેથી કરીને અગર કોઇ નવજાત શિશુની ભાળ મળે તો તેને તરતજ મારી નાખવામાં આવે.(૧૮)

જ્યારે ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.)એ આ ફાની દુનિયાને અલવિદા કરી, બાકી દુનિયા તરફ કુચ કરી, ત્યારે ઇમામ અલ મહદી(અ.સ.)ને શોધવા અને તેમને કત્લ કરવા માટે સખત રીતે તલાશી શરૂ કરી. આનું કારણ એ હતુ કે હર કોઇ જાણતા હતા કે તે દિવસે ઇમામતની લગામ બારમાં ઇમામ(અ.સ.)ને સોંપવામા આવશે અને દુનિયા તેની સત્તા હેઠળ આવી જશે.

શૈખે સદુક(અ.ર.) શીઆઓના પ્રખ્યાત આલિમ તેમની કિતાબ 'કમાલુદ્દીન'માં લખે છેઃ

''જ્યારે ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.)ના પવિત્ર શરીરને દફન કરી દેવામાં આવ્યું અને લોકો ચાલ્યા ગયા ત્યારે ખલીફા અને તેના સાથીઓએ તેમના ઉછરતા ફરઝંદની શોધખોળ શરૂ કરી દીધી અને ઘરોની તલાશી ખૂબજ કાળજીપૂર્વક લીધી''(૧૯)

શીઆઓના નામાંકીત આલિમ શૈખે મુફીદ(અ.ર.) પણ 'ઇરશાદ'માં લખ્યું છે કેઃ

''જ્યારે ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.) આ દુનિયા છોડી ગયા ત્યારે 'તે વખતના ખલીફા'એ તેમના ફરઝંદ(અ.સ.)નો પીછો કર્યો, કારણકે ઇમામીયાહ શીઆઓનો અકીદો પ્રખ્યાત હતો કે તેઓ તેમના ગૌરવશીલ હસ્તી (હઝરત મહદી અ.સ.)નો ઇન્તેઝાર કરી રહ્યા છે.''(૨૦)

મોઅતદીદ અબ્બાસી ખલીફાઓમાંથી એક ઝાલિમ ખલીફા હતો કે જેણે હી.સ. ૨૭૯ થી ૨૮૯ સુધી હુકુમત કરી. જ્યારે તેણે સાંભળ્યું કે ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.)ના ફરઝંદની વિલાદતને ૨૦ વર્ષથી વધુ સમય પસાર થઇ ગયો છે અને અગાઉના ખલીફાઓ તેમને કત્લ નથી કરી શક્યા તો તેણે એકદમથી નક્કી કર્યુ કે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના સમગ્ર કુટુંબને મારી નાખવા.

મોઅતદીદના એક અધિકારીએ કહ્યુંઃ

મોઅતદીદે મને અને બીજી બે વ્યક્તિને હુકમ કર્યો કે અમે ત્રણેય ઘોડા પર સવાર થઇ સામર્રાહ તરફ ઝડપથી પ્રયાણ કરીએ અને રસ્તામાં નમાઝ માટે પણ ન અટકીએ. તેણે અમને (ઇમામ) અલ

અસ્કરી(અ.સ.)નું સરનામું આપ્યું અને સુચના આપી કે તેમની રજા વગર ઘરમાં પ્રવેશે અને જે કોઇ ત્યાં હાજર હોય તેમને કત્લ કરી તેનું માથુ મારી પાસે લઇ આવો.(૨૧)

હકીકતમાં તેઓ ગફલતમાં હતા કે જેણે ઇમામ(અ.સ.)ને અગાઉના ખોલફાઓથી બચાવ્યા હતા, તે જ ઇમામ(અ.સ.)ને મોઅતદીદના શરથી પણ બચાવશે.

***તેઓ તો ચાહે છે કે અલ્લાહના નુરને પોતાના મોઢેથી બુજાવી દેય પરંતુ અલ્લાહ પોતાના નૂરને સંપૂર્ણ કર્યા વિના હરગીઝ રહેનાર નથી. ભલેને નાસ્તિકોને અણગમતું (કેમ ન) લાગે***

(કુરઆન ૯:૩૨)

ખરેખર આ કેવો અપરિપક્વ ખ્યાલ હતો અને મુર્ખાઇ ભર્યુ કાર્ય હતું. જો અલ્લાહ કાઇ ચાહે અને ઇરાદો કરે તો શું કોઇ ઇન્સાન તેના વિરૂધ્ધ બળવા થકી તેનો સામનો કરી શકે? શું એ શક્ય છે કે અલ્લાહ તઆલાના કરેલા ચોક્કસ વાયદાઓ પુરા કરવામાં નહી આવે? અથવા શું એ શક્ય છે કે ઝાલિમ ધોખેબાજ હુકુમતની લગામ જે ઇલાહી ફેસલા વિરૂધ્ધ લડે છે, કપાશે નહી?

શું તે વધારે આશ્ચર્યજનક નથી કે જે અજોડ અને સર્વ શક્તિમાન અલ્લાહે અગાઉ તેની કુદરતનો ઇઝહાર ઘણીવાર કરેલ છે કે જેથી સર્વે લોકોએ જાણી લેવું જોઇએ કે અગર તે ચાહે કે તેના પસંદીદાહ બંદાને હુકુમત અને સર્વધિકાર આપે અને તેના દ્વારા નાસ્તિકતા અને કુફ્રનો નાશ કરે તો પછી શું છે કોઇ એવું જે તેની હુકુમતને અવરોધે?

સદ્નસીબે આ સંવેદનશીલ કિસ્સાનું વર્ણન પવિત્ર કુરઆનમાં કરવામાં આવ્યું છેઃ

ફિરઔન જે ઇજીપ્તનો મહાન રાજા હતો, તે શક્તિમાન અને ઘમંડી હતો. તેણે પોતા માટે ખુદાઇનોનો દાવો કર્યો હતો. તેણે નિર્ધાર કર્યો કે બની ઇસરાઇલના દરેક નર બાળક અને યુવાનોને મારી નાખે, કારણકે તેણે એ બારામાં સાંભળ્યું હતુ કે એક પુત્ર જન્મશે જે તેની હુકુમત અને ખુદાઇનો નાશ કરશે, જેથી તે જન્મ ન પામે.

તેણે નિર્દોષોનું ખૂન વહાવ્યું અને ઘણા લોકોને અજાણ વિસ્તારમાં દેશ-નિકાલ કર્યા. પરંતુ તમે જોશો કે અલ્લાહ સર્વ-શક્તિમાને તેના નબીના માટે કેવી વ્યવસ્થા કરી અને પોતાની મરજી વડે મુસા (અ.સ.)ની હિફાઝત કરી અને ફિરઔનનો નાશ કર્યો.

*“અને અમોએ મુસાની માઁ તરફ વહી કરી કે તુ તે (મુસા)ને દૂધ પીવડાવ, પછી અગર તુ તેના માટે ભય પામે તો તેને (પેટીમાં મૂકી) સમુદ્રમાં નાખી દે, તુ તેના માટે ભય ન રાખજે, અને તેના માટે દિલગીર ન થજે, કારણકે અમે તેને તારી પાસે પાછા મોકલી દેનાર અને તેને રસુલોમાંથી રસુલ બનાવનાર છીએ. પછી ફિરઔનના કુટુંબીઓએ તેને ઉંચકી લીધો કે તે તેમના માટે એક શત્રુ બની દુઃખ બને. બેશક! ફિરઔન તથા હામાન અને બંનેના લશ્કર ભૂલ કરનારાઓ હતા. અમોએ મુસાને તેની માઁ પાસે પાછા ફેરવી દીધા કે જેથી તેણીની આંખો ટાઢી થાય અને તેણી દિલગીર ન થાય, અને તેણી આ પણ જાણી લે કે અલ્લાહનો વાયદો બેશક સાચો છે જે ઘણા ખરા લોકો જાણતા નથી.”(૨૨)*

(કુર્આને કરીમ,૨૮:૭-૧૩)

બેશક! અલ્લાહ તેની હુજ્જતની હિફાઝત કરશે અને તેનો વાયદો અને ખુશખબરીને પરિપૂર્ણ કરશે કારણકે તેનો નિર્ણય તેના અમલીકરણ પર આધારિત છે, જો કે ઘણાખરા લોકો તે જાણતા નથી.

શું અલ્લાહ તઆલા એમ ચાહે કે મુસા(અ.સ.) કે જે ફક્ત એક મર્યાદિત ઉમ્મત અને કૌમના રસુલ હતા, તેને બચાવે અને ઇમામે ઝમાના(અ.સ.)ને મોઅતમીદના અને મોઅતદીદના હાથોમાં સોંપી દે?

શું અલ્લાહ તઆલા મુસા(અ.સ.)ની નદીના મોજા વચ્ચે હિફાઝત કરે અને ઇમામે ઝમાના(અ.સ.)કે જે તેમના પિતા ઇમામ અસ્કરી(અ.સ.)ના ઘરમાં હોય તેને કોઇ સલામતી અતા ન કરે?

શું ઇબ્રાહીમ(અ.સ.)નો પરવરદિગાર અલ્લાહ કે જેનો કિસ્સો કુરઆનમાં વર્ણવવામાં આવ્યો છે(૨૩) તેમની(અ.સ.ની) ભડકે બળતી આગમાં હિફાઝત કરે પરંતુ આખરી પયગંબરના વંશના આખરી મોતીને અબ્બાસી ખલીફાઓના ગુસ્સાનો શિકાર થવા દે?

ખરેખર! કેવીરીતે જુઠ્ઠા વિચારકો અને નબળી બુધ્ધિવાળા લોકો ફેંસલો કરે છે?

---ooo---

૧૫ શાબાન હી.સ. ૨૫૫ની વહેલી સવારે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની નજર તેમના ફરઝંદના નૂરાની ચહેરા પર પડી જે તમામ ઇલાહી વાયદા અને ખુશખબરીઓને પરિપૂર્ણ કરશે.

હજી તેમની વિલાદતને ત્રણ દિવસેય ગુજર્યા ન હતા કે અગિયારમાં ઇમામ(અ.સ.)આ પવિત્ર બાળકને તેમના અસહાબ પાસે લઇ ગયા અને તેઓને કહ્યું: મારા બાદ આ તમારા વલી અને મારા ઉત્તરાધિકારી છે અને તે અલ કાએમ(અ.સ.) છે.જેના ઝુહુરનો સર્વે લોકો ઇન્તેઝાર કરતા હશે. જયારે જમીન અન્યાય અને અત્યાચારથી ભરેલી હશે, તે તેને સલામતી અને ન્યાય(અદ્લ)થી ભરી દેશે. (૨૪)

અગિયારમાં ઇમામ(અ.સ.)એ તેમના ફરઝંદની વિલાદત વખતે અમુક અસહાબને ફરમાવ્યું:

ઝાલિમો મને મારી નાંખવાની યોજનાઓ ઘડતા હતા, જેથી કરીને મારા ફરઝંદનો જન્મ ન થાય, પરંતુ જુઓ સર્વશક્તિમાન અલ્લાહની કુદરત કેટલી મહાન છે.(૨૫)

ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ દસ હજાર રતલ રોટલી અને ગોશ્ત મંગાવી બની હાશિમ દરમિયાન પવિત્ર વિલાદતની ખુશીમાં વહેંચણી કરવા હુકમ કર્યો. આ મહત્વપુર્ણ કાર્યની જવાબદારી ઉસ્માન બિન સઇદને સોંપી. જે તેમણે ઉત્તમ રીતે બજાવી.(૨૬)

શરૂઆતથી જ ઇમામે હસન અસ્કરી(અ.સ.) તેમના ફરઝંદને અજાણ્યા લોકોથી છુપા રાખ્યા.

શૈખે મુફીદ(અ.ર.)ના આ શબ્દો પર એક નજર કરીએ જેનો અમુક ભાગ નીચે દર્શાવવામાં આવ્યો છે.

ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ તેમના ફળદાયી પુત્ર માટે એક સાચી હુકુમત તૈયાર કરી. તેમણે તેમના પુત્રની વિલાદત અને બીજી સંબંધિત બાબતોને ગુપ્ત રાખી. કારણકે આપ(અ.સ.) એવા મુશ્કેલ સમયમાં જીવન પસાર કરતા હતા, કે જ્યારે કે ખલીફાઓ તેમના ફરઝંદની સખત શોધ કરતા હતા. અને ઇમામ હસન અસ્કરી (અ.સ.)ની હિલચાલ પર સતત નઝર રાખતા હતા. કારણકે શીઆ ઇમામીયાહ અકીદા મુજબ ઇમામ મહદી(અ.સ.)ની માન્યતા એટલી પ્રચલીત થઇ ગઇ હતી કે તેઓ ઇમામે ઝમાના(અ.સ.)નો ઇન્તેઝાર કરતા હતા. તેથી ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ તેમના ફરઝંદને

દેખાડ્યા નહી. જેથી દુશ્મનો તેમના પિતાની શહાદત બાદ ઇમામ મહદી(અ.સ.)ને ઓળખી ન શકે.(૨૭)

જો કે ઇમામ મહદી(અ.સ.)ની બાબતો તેમના દુશ્મનો અને વિરોધીઓ જાણતા ન હતા, પરંતુ મુખલીસ શીઆઓને આ મહત્વના બનાવની જાણ હતી.

ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ તેઓમાંથી અમુકને પત્ર દ્વારા માહિતગાર કર્યા હતા. આ મુખલીસ શીઆઓમાંથી એક એહમદ ઇબ્ને ઇસ્હાક હતા કે જેમને ઇમામ(અ.સ.) તરફથી એક પત્ર મળ્યો જેમાં તેમણે પોતાના હસ્તાક્ષરમાં ફરમાવ્યું :

મારે ત્યાં પુત્રનો જન્મ થયો છે. તેથી આ ખબરને લોકોથી ગુપ્ત રાખશો અને ફક્ત નજદીકના સગા વ્હાલાઓ અને ખાસ દોસ્તોને તેની જાણ કરશો. (૨૮)

અમુક શીઆ ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની ગુપ્ત રીતે મુલાકાત કરતા. તેઓ તેમને બારમા ઇમામ હઝરત મહદી(અ.સ.)ની પાસે લઇ જતા, જે તેમની હિદાયત કરતા.

અબુ અમ્રી અને અહવાઝી જણાવે છે :

‘‘અબુ મોહમ્મદ (ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ મને તેમના ફરઝંદ (બારમાં ઇમામ અ.સ.))ની ઝિયારત કરાવી અને મને કહ્યું : આ તમારા મૌલા છે.’’(૨૯)

અમુક બીજા શીઆઓ ઇમામ અલ અસ્કરી (અ.સ.)ની મુલાકાતે સમુહમાં જતા, અગર ઇમામ(અ.સ.)ને એવું લાગતું કે તેઓ વફાદારીપૂર્વક તેમની મુલાકાતને ગુપ્ત રાખશે, તો આપ તેમને પોતાના ચહીતા પુત્રની ઝિયારત કરાવતા.

મોઆવીયા ઇબ્ને હકીમ, મોહમ્મદ ઇબ્ને અય્યુબ અને મોહમ્મદ ઇબ્ને ઉસ્માન અમ્રવીએ વર્ણવ્યુ છે કે, અમે ચાલીશ લોકો ઇમામ હસન અસ્કરી(અ.સ.)ના ઘરે હતા, પછી તે માનનિય હસ્તીએ અમને તેમના ફરઝંદને બતાવ્યા અને અમને કહ્યું ‘‘આ તમારા ઇમામ અને મારા ઉત્તરાધિકારી છે. મારા બાદ તેમની ઇતાઅત કરજો અને તેમનો વિરોધ કરતા નહી, નહી તો તમે હલાક થશો. ’’(૩૦)

બારમાં ચાંદની વિલાદતના સમયથી તેમની ઈમામત સુધી શીઆઓ ગમે તે રીતે અગિયારમાં ઈમામ(અ.સ.)ની પાસે જતા અને તેમને મુબારકબાદ આપતા.

હસન ઇબ્ને હસન અલ અલવી કહે છે : ''હું ઈમામ હસન અસ્કરી(અ.સ.)ને સામર્રાહમાં મળવા ગયો અને આપ(અ.સ.)ને તેમના ફરઝંદની વિલાદતની મુબારકબાદી આપી.''(૩૧)

અને અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ અલ અલવીએ પણ કહ્યું છે :

મેં ઈમામ અલ અસ્કરી(અ.સ.)ની સામર્રાહમાં મુલાકાત લીધી અને તેમના ફરઝંદની વિલાદતની મુબારકબાદી આપ(અ.સ.)ને આપી.(૩૨)

ઈમામે ઝમાના(અ.સ.)ની વિલાદત આ રીતે થઇ અને તેને અજાણ્યા લોકોથી છુપી રાખવામાં આવી, ફક્ત અમુક મૌકાઓ પર મુખ્લીસ શીઆઓને હી.સ. ૨૬૦ સુધી તેમની મુલાકાતની રજા આપવામાં આવતી કે જ્યારે અગિયારમાં ઈમામ(અ.સ.)ની શહાદત વાકેઅ થઇ. ઈલાહી હુકમ વડે અને ઈલાહી નેતૃત્વનો ઓહદો (ઈમામાત) સાહેબુલ અમ્રને સુપ્રત કરવામાં આવ્યો.

## ગયબતે સુગરા

જ્યારે ઈમામ હસન અલ અસ્કરી(અ.સ.) આ દુનિયાથી કૂચ કરી ગયા તો ઈમામતનો કાર્યભાર એહલેબૈતના આખરી નૂરાની મોતી ઈમામ મહદી(અ.સ.)તરફ મુન્તકીલ થયો.જો કે આ માનનિય હસ્તી લોકો દરમિયાન જાહેર નહોતા થતા. અમુક વિશ્વસનીય લોકોને તેમની મુલાકાતની રજા દેવામાં આવતી, જેથી તેઓ શીઆઓના મસાએલ અને પ્રશ્નો તેમને રજુ કરી શકે અને તેઓ ઈલાહી નૂરના હુકમ અને હિદાયતને લોકો સમક્ષ બયાન કરતા.

ઈમાન, વિશ્વસનિયતા અને સદ્‌ગુણની દ્રષ્ટીએ આ વ્યક્તિઓ મુસ્લીમોમાં નામાંકિત હતા. જે ઈમામ(અ.સ.) અને લોકો વચ્ચે માધ્યમ હતા. અને નિયત સમયે લોકોને ઈમામ(અ.સ.)ની હિદાયત પહોંચાડતા.

આ મધ્યસ્થીઓના ઉચ્ચ અખ્લાકની ઉચ્ચતા અને તેમના  અકાએદમાં સમજણ અને તેમના તકવાનો અભ્યાસ કરતા આ હસ્તીઓની ફક્ત મહાનતા જ આપણા માટે સ્પષ્ટ નહી થઇ  જશે, બલ્કે

આપણે ઇમામે ઝમાના (અ.સ.)થી વધારે પરિચિત થઇ જશુ. કારણ કે પવિત્ર ઇમામ(અ.સ.)ના વિશ્વાસુ અને ભરોસાપાત્ર અસ્હાબો દ્વારા હદીસોમાં ઇમામ મહદી (અ.સ.)ની મહાનતાની નિશાનીઓ જોવા મળે છે.

ઇમામે ઝમાના(અ.સ.)ના અસ્હાબોમાંથી ઘણાજ પ્રખ્યાત અને વિશ્વાસપાત્ર ચાર નાએબો થયા, જે લોકો અને ઇમામ(અ.સ.) દરમિયાન માઘ્યમ તરીકે કાર્ય અંજામ આપતા હતા અને તેઓ નવ્વાબે અરબા (ચાર નાએબો) તરીકે જાણીતા છે.(૩૩)

તેઓના મકામની મહાનતા અને ગૌરવની વધુ જાણકારી માટે અમે તેઓમાના દરેક નાએબનું વર્ણન ટુંકમાં નીચે મુજબ કરીએ છીએ.

**૧. ઉસમાન બિન સઇદ અમરીઃ**

આ માનનિય હસ્તી ફકત ઇમામે ઝમાના(અ.સ.)ના નાએબ ન હતા પરંતુ ઇમામ હસન અલ અસ્કરી(અ.સ.) અને ઇમામ અલી નકી(અ.સ.)ના પણ પ્રતિનિધી હતા. તેઓ શીઆઓની ઘણી બાબતોનો ઉકેલ લાવ્યા અને યોગ્ય વ્યવસ્થા કરી. દસમાં ઇમામ અલ હાદી(અ.સ.)એ તેમના શીઆઓને તેમના બારામાં ફરમાવ્યુ : ''આ અબુ અમરી ભરોસાપાત્ર અને વિશ્વાસુ વ્યકિત છે. જે કંઇ પણ તે તમને કહે છે તે મારા વતી છે અને જે કંઇ કામ અંજામ આપે છે તે મારા વતી અંજામ આપે છે.''(૩૪)

આ પ્રતિનિધિત્વ હિ.સ. ૨૫૪ સુધી ઇમામ હાદી(અ.સ.)ની શહાદત સુધી બાકી રહ્યું. ત્યાર બાદ અગિયારમાં ઇમામ(અ.સ.)એ અબુ અમરીના અખ્લાકના વખાણ કરતા અને તેમના પ્રત્યે ઉચ્ચ આદરભાવ ધરાવતા. ઇમામ(અ.સ.)એ તેમના શીઆઓને સંબોધન કરતા ફરમાવ્યું: ''આ અબુ અમરી ભરોસાપાત્ર અને વિશ્વાસુ વ્યક્તિ છે. અગાઉના ઇમામનો પણ તે વિશ્વાસ ધરાવતા અને મારો વિશ્વાસ મારી જીંદગી દરમિયાન અને મારા મૃત્યુ બાદ પણ ધરાવનાર છે. જે કંઇપણ તે કહે છે તે મારી વતી કહે છે અને જે કંઇ પણ કાર્ય તે કરે છે, તે મારા વતી કરે છે.''(૩૫)

આજ રીતે આ વખાણના પ્રમાણપત્રથી તે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની શહાદત બાદ બારમાં ઇમામ (અ.સ.)ના નાએબે ઇમામ બન્યા.

અબુ અમરીની વફાત પર સાહેબુઝ્ઝમાન(અ.સ.)એ પોતે તેમના પુત્ર મોહંમદ ઇબ્ને ઉસ્માન પર શોક સંદેશ મોકલ્યો અને ફરમાવ્યુંઃ ''ખરેખર! આપણે અલ્લાહ માટે છીએ, અને તેના તરફ પાછા ફરનારા છીએ, આપણે તેના હુકમના તાબે છીએ, અને તેની કઝાથી રાજી છીએ, તમારા પિતાએ સઆદતમંદ જીંદગી ગુજારી અને માન સાથે મૃત્યુ પામ્યા. અલ્લાહ તેમના પર રહેમત નાઝિલ કરે, તે તેમના મિત્રો અને મૌલા સાથે જઇ મળ્યા, તે જે કંઇ અલ્લાહથી અને તેના અવલીયાથી નજદીક કરે એ બાબતોમાં પ્રયત્નશીલ હતા. અલ્લાહ તેમને રહેમતની નજરથી જુએ.''(૩૬)

**(૨) અબુ જાફર મોહંમદ બિન ઉસ્માનઃ**

ઇમામે ઝમાના(અ.સ.)ના બીજા ખાસ નાએબ અબુ જાફર મોહમંદ બિન ઉસ્માન હતા. જેમના બારામાં ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ

તેમની ગૌરવની મહાનતા અને શીઆઓ દરમ્યાન તેમનું ઉચ્ચ સ્થાન એટલુ પ્રખ્યાત છે કે તેના માટે કોઇ ચર્ચા કે ખુલાસાની જરૂર રહેતી નથી.(૩૭) ઇમામ હસન અસ્કરી(અ.સ.)એ તેમના અને તેમના પિતા ઉસ્માન બિન સઇદના બારામાં એક સહાબીને ફરમાવ્યુંઃ

''અમરી અને તેના પુત્ર બંને વિશ્વાસપાત્ર છે. જે કંઇ તેઓ કરે છે તેઓ અમારા વતી કરે છે અને જે કંઇ તેઓ તમને કહે છે, તેઓ અમારા વતી કહે છે. તેથી તેમની વાતો સાંભળો અને તેઓની આજ્ઞા પાળો, કારણકે તેઓ બંને અમારા ભરોસાપાત્ર અને વિશ્વાસુ છે.''(૩૮)

ઇમામે ઝમાના(અ.સ.)એ ખુદ તેમના બારામાં ફરમાવ્યુઃ તે અમારા વિશ્વાસુ છે અને તેમનુ લખાણ મારા લખાણ સમાન છે.(૩૯)

**(૩) અબુલ કાસિમ હુસૈન ઇબ્ને રવ્હ નવબખ્તીઃ**

અબુ જાફર મોહંમદ બિન ઉસ્માન, ઇમામે ઝમાના(અ.સ.)ના બીજા નાએબે તેમના વિશે કહ્યુંઃ

''આ હુસૈન ઇબ્ને રવ્હ ઇબ્ને અબુ બહર નવબખ્તી મારા ઉત્તરાધિકારી છે, અને તે ભરોસાપાત્ર અને વિશ્વાસુ છે, અને તમારા અને સાહેબુલઅમ્ર વચ્ચે નાએબ છે. તેથી તમારા મોઆમેલાત અને મહત્વના કાર્ય બાબતે તેમના તરફ રજુ થાવ અને તેમના પર વિશ્વાસ રાખો. મને આ કાર્ય સોંપવામા આવ્યુ છે અને મેં તેને જાહેર કર્યુ.''(૪૦)

શૈખે તુસી(અ.ર.)એ તેમના બારામાં કહ્યું છેઃ ''અબુલ કાસિમ હુસૈન ઇબ્ને રવ્હને તેમના દોસ્તો અને વિરોધીઓ શ્રેષ્ઠ આલિમ ગણતા હતા.''(૪૧)

હુસૈન ઇબ્ને રવ્હની નિષ્ઠાને તેમના વિરોધીઓ પણ સ્વિકારતા હતા.

શલ્મગાની કે જે નાએબ હોવાનો ખોટો દાવેદાર હતો, તેને પોતાના જુઠ્ઠાણાનો સ્વિકાર કરવો પડ્યો, જ્યારે ઇમામે ઝમાના (અ.સ.)એ હુસૈન ઇબ્ને રવ્હને હુક્મ કર્યો કે તેઓ શલ્મગાનીને ખુલ્લો પાડી દે. શલ્મગાની કહે છેઃ

''હુસૈન ઇબ્ને રવ્હની બાબતમાં હક સિવાય કંઇ કહેવુ તે અલ્લાહ અને મારી વચ્ચે બરાબર નથી, જો કે તેણે મારા પ્રત્યે મોટો ગુનાહ કર્યો છે, પરંતુ તેમને ઇમામે ઝમાના(અ.સ.)એ નિયુક્ત કર્યા છે. શીઆઓએ તેમનાથી મોઢુ ફેરવવું ન જોઇએ.(૪૨)''

**(૪) અબુલ હસન અલી બિન મોહંમદ સૈમુરીઃ**

આ માનનિય હસ્તી પવિત્ર ઇમામ(અ.સ.)ના આખરી નાએબે ખાસ હતા. તેમની વફાત યોગાનુયોગ પંદરમી શાબાન હિ.સ. ૩૨૯ ના દિવસે થઇ. હુસૈન બિન રવ્હે તેમને ઇમામ(અ.સ.)ના નાએબ તરીકે ઓળખાવ્યા. ઇમામે ઝમાના(અ.સ.) જે ચાર ખાસ નાએબોને પત્ર લખતા હતા, તેમાં આખરી પત્ર  આ માનનિય હસ્તીને સંબોધીને હતો. આ પત્રમાં ઇમામ(અ.સ.)એ અલી બિન મોહંમદની વફાતની અને નીયાબતના સિલસિલામાં અંતની જાહેરાત કરી હતી.

''અલ્લાહના નામથી (જે) રહેમાન, રહીમ છે. તમારી વફાત છ દિવસમાં થશે, અલ્લાહ તમારા ઇમાની ભાઇઓને તમારી વફાત પર સબ્ર અતા કરે, આથી તમે તૈયાર થઇ જાવ, પરંતુ તમારા સ્થાને કોઇને નિયુક્ત કરતા નહી, કારણકે તમારી વફાતના દિવસથી મારી ગયબતે કુબરાનો ઝમાનો શરૂ થઇ જશે. હવે પછી કોઇ મને જોઇ નહી શકે, જ્યાં સુધી અલ્લાહ મારો ઝુહુર નહી કરે. મારો ઝુહુર ઘણા લાંબા સમય બાદ થશે. જ્યારે લોકો ઇન્તેઝાર કરીને થાકી ગયા હશે અને જેઓ તેમના ઇમાનમાં કમઝોર હશે તે કહેશેઃ શું તે હજી સુધી હયાત છે? જ્યારે લોકો ઘાતકી અને બેપરવાહ બની જશે અને દુનિયા અન્યાય અને હિંસાથી ભરાઇ જશે. ત્યારે અમુક લોકો દાવો કરશે કે, તેઓએ મારી મુલાકાત કરી શકે છે. આગાહ થઇ જાવ! જે કોઇ આવો દાવો કરે સુફિયાનીના આવવા પહેલા અને મારા

ઝુહુરના આસમાની એલાન પહેલા તે જુઠ્ઠો અને ઢોંગી છે. અલ્લાહ સર્વ શક્તિમાન સિવાય કોઇ શક્તિ કે પ્રબળતા નથી.''(૪૩)

ઉપરોક્ત પત્ર પરથી માલુમ થાય છે કે આ આખરી પત્ર છે જેમાં નવ્વાબે ખાસનો દરવાજો અલી ઇબ્ને મોહંમદની વફાત સાથે બંધ કરવામાં આવ્યો. હવે અગર કોઇ દાવો કરે કે તે મધ્યસ્થી છે અથવા ઇમામ(અ.સ.)ને મળી શકાય છે તો તે જુઠ્ઠો છે. ગયબતે કુબરામાં કોઇએ દાવો નથી કર્યો કે તે ઇમામે ઝમાના(અ.સ.)ની હાજરીમાં છે.

સચ્ચાઇની ચોકસાઇ માટે લોકો ચાર ખાસ નાએબોને ઇમામે ઝમાના(અ.સ.)ના મોઅજીઝા જોયા વગર કબૂલ ન કરતા. જો કે તેઓ તેમને ભરોસાપાત્ર અને વિશ્વાસુ તરીકે સ્વિકારતા હતા, અને તેમની પરહેઝગારી, ઇમાન અને ઇલ્મમાં જરા બરાબર પણ શંકા ન હતી.(૪૪)

ખાસ નાએબો ઇમામે ઝમાના(અ.સ.)ને શીઆ ઓલમાના પ્રશ્નો અને મુશ્કેલીને રજુ કરતા અને જ્યાં જરૂરી લાગે ત્યાં લેખીતમાં જવાબ આપતા અને તેને નાયબ થકી મોકલાવતા.

આ પત્રોમાં શીઆ માન્યતાના વિવિધ વિષયો પર સૌથી મહત્વના પ્રશ્નોનો ઉકેલ આપવામાં આવતો.

આમાંથી એક પ્રશ્ન એ હતો કે ગયબતના ઝમાનામાં જ્યારે નવા મસાએલ ઉપસ્થિત થાય ત્યારે શીઆઓની જવાબદારી શું રહેશે? અને કઇ રીતે તેનો ઉકેલ લાવવો?

શીઆઓના નામાંકિત વ્યક્તિ ઇસહાક ઇબ્ને યાકુબને ઇમામે ઝમાના(અ.સ.)એ એક પત્ર દ્વારા શીઆઓ માટે ગયબતના ઝમાનામાં જવાબદારીઓ, પધ્ધતી અને હિદાયત ફરમાવી. સદીઓથી આ સૂચનોને અનૂસરવામાં આવ્યા છે અને આ ઇસ્લામી કાયદાઓના વ્યાપકપણા અને અનંત હોવાની એક દલીલ છે.

ઇસ્હાક બિન યાકુબે એક પત્ર ઇમામે ઝમાનાને બીજા નાયબ થકી મોકલાવ્યો. તેમાં તેમણે અમુક પ્રશ્નો પુછ્યા, તેમાં એક પ્રશ્ન એ હતો કે જે આપણે ઉપરના પેરેગ્રાફમાં દર્શાવ્યો છે, તેના જવાબમાં

ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુઃ તે બાબતોમાં જેઓ ઇમામ(અ.સ.)ની હદીસોને ખરેખર સમજતા હોય અને ખરી રીતે વર્ણવતા હોય, તેમના તરફ રજુ થવુ.

''પરંતુ ભવિષ્યમાં ઉપસ્થિત થનારા મસાએલની બાબતે તમોએ અમારી હદીસોને બયાન કરનારાઓ તરફ રજુ થવુ, તેઓ મારી તરફથી તમારા ઉપર હુજ્જત છે અને હું તેઓ પર અલ્લાહની હુજ્જત છું''(૪૫)

ગયબતે સુગરા દરમિયાન આપ(અ.સ.)એ અમૂક બીજા પત્રો પણ મોકલાવ્યા. તેમાં દરેક પત્રમાં મુશ્કેલીઓનો હલ અને હિકમતના અનંત દરિયામાંથી સુચનો આપ્યા. આ બધા પત્રો પવિત્ર ઇમામ(અ.સ)ના ખાસ નાએબ દ્વારા લોકોએ પૂછેલા પ્રશ્નોના જવાબમાં મોકલવામાં આવતા હતા.

ઇમામ(અ.સ.)ના આ ચાર ખાસ નાએબો કે જે ઇમાન અને વિશ્વાસના ઉચ્ચ દરજ્જે હતા, લોકો અને ઇમામ વચ્ચે મઘ્યસ્થી હતા. અને હિ.સ. ૩૨૯ માં ખાસ નાએબોના સિલસિલાનો અંત આવ્યો અને ઇલાહી મરજીના આધારે ઇમામે ઝમાના(અ.સ.)ની ગયબતે કુબરાનો આરંભ થયો. આ જ ગયબતની આગાહી અગાઉથી પવિત્ર પયગંબર(સ.અ.વ.)એ અને શીઆઓના ઇમામોએ આપેલી હતી, અને મુસ્લીમો આ કસોટીના સમયમાં દરમિયાન સબ્ર કરે છે.ત્યાં સુધી કે સર્વશક્તિમાન અલ્લાહ હુકમ કરે અને ઇમામે મુન્તઝર(અ.સ.) જાહેર થશે અને ઇલાહી મકસદ તેની પરિપૂર્ણતાએ પહોંચશે.

## ગયબતે કુબરા

હિ.સ. ૩૨૯ બાદ જ્યારે ગયબતે કુબરા શરૂ થઇ, ખાસ નાએબોનો સિલસિલાનો અંત આવ્યો. અગર કોઇ ગયબતે કુબરા દરમિયાન મઘ્યસ્થી અથવા તો નાએબ હોવાનો દાવો કરે તો ઇમામે ઝમાના(અ.સ.)ની જાહેરાત પ્રમાણે તેવો દાવો કરનાર જુઠ્ઠો છે.

પવિત્ર ઇમામો(અ.મુ.સ.)ની હદીસોમાં ઇમામ(અ.સ.)ની ગયબતને વાદળા પાછળ રહેલ સૂરજની તૂલના આપવામાં આવી છે. જે સૂરજ વાદળા પાછળ રહીને પણ જીવંત મખ્લૂક માટે શક્તિ અને જીંદગીનો સ્ત્રોત છે. તેવીજ રીતે ઇમામ(અ.સ.) ગયબતના પરદા પાછળ રહીને પણ દુનિયાના અસ્તિત્વનો અને બાકી રહેવાનો સ્ત્રોત છે.(૪૬)

ગયબતે કુબરા દરમિયાન ઘણા લોકો ઇમામ મહદી(અ.સ.)થી પ્રત્યક્ષ મુલાકાત કરી છે અને મુલાકાતનું સદ્ભાગ્ય મળ્યુ છે. પરંતુ કોઇએ પણ એવો દાવો નથી કર્યો કે તેઓ તેમને મળી શકે છે અથવા તેમનું પ્રતિનિધીત્વ કરે છે, કારણ કે  ફક્ત ખાસ નાએબોને ઇમામ(અ.સ.)એ આ શરફ આપ્યો હતો કે જ્યારે પણ ચાહે તેમને મળી શકે.

અમુક ખુશનસીબ વ્યક્તિઓ કે જેમને ઇમામ(અ.સ.)ની મુલાકાતનો શરફ મળેલ છે, તેમના નામ ભરોસાપાત્ર કિતાબોમાં દર્શાવવામાં આવ્યા છે.(૪૭)

તેમાના ખાસ શખ્સો અલ્લામા હિલ્લી, પ્રખ્યાત આલિમ મુકદ્દસે અર્દબેલી, સૌથી પરહેઝગાર હસ્તી અને પોતાના જમાનાના આલિમે ફકીહ સય્યદ ઇબ્ને તાઉસ, પરહેઝગાર અને સાલેહ મોહદ્દીસ સૈયદ બહરૂલ ઉલૂમ, ઇસ્લામના નામાંકિત આલિમ અને ઇસ્લામની બીજી મહાન હસ્તિઓએ ઇમામ(અ.સ.)ની મુલાકાત કરેલ છે. તેઓએ સૂર્ય(ઇમામ અ.સ.)ને પોતાની આંખે જોયા અને તેઓના દિલો ઇમામુલ અસ્ર(અ.સ.)ના ઇમાનથી પૂર થઇ ગયા અને સહાનૂભૂતી ધરાવનારી સમજુતી વડે તેઓએ તેમની ઇમામ (અ.સ.) સાથેની મુલાકાતના બારામાં બીજાઓને માહિતગાર કર્યા.

ઉદાહરણ તરીકે સૈયદ ઇબ્ને તાઉસે તેમના પુત્રને લખેલ વસિય્યતમાંથી એક ભાગને આપણે જોઇએ જે તેમણે હિ.સ.૬૫૦માં લખેલ, તેમના પોતાના શબ્દોમાં તેમણે તેમના પુત્રને સમજણ આપી જેમાં તેમણે સત્ય તરફ આડકતરી રીતે દર્શાવ્યુ પણ મળવાનો દાવો ન કર્યો.

‘‘અય મારા પુત્ર! અગર હક અને રહસ્યને હાસિલ કરવામાં તને તૌફિક અતા કરવામાં આવે તો પછી હું ઇમામ મહદી(અ.સ.)ના બારામાં તને એવી રીતે માહિતી આપીશ કે તને ક્યારેય પણ કોઇ શક નહી થાય  અને કોઇ અકલી દલીલની અને અને નોંધેલ હદીસની જરૂર રહેશે નહી, કારણકે ઇમામ(અ.સ.) ચોક્કસપણે જીવીત છે, અને અસ્તિત્વ ધરાવે છે, જ્યાં સુધી દયાળુ અલ્લાહ તેને રજા નહી આપે કે તેઓ બાબતોનું આયોજન કરે, ત્યાં સુધી તેમને તેમનું કાર્ય જાહેર ન કરવાની છુટ આપી છે અને આ બાબત ફક્ત તેમના પૂરતી સિમિત નથી, પરંતુ ઘણા પયગંબરો(અ.મુ.સ.) અને તેમના વસીઓમાં આમ હતી, તો પછી તારે આ વિશ્વાસપૂર્વક જાણવુ જોઇએ અને તેને તારૂ ઇમાન અને

માન્યતા ગણવી, અને જાણી લે કે તારા પિતાની તેમના (ઇમામના) બારામાં ઉંડી સૂઝ તેના દુન્યવી ઇલ્મ કરતા વધારે રોશન છે.''(૪૮)

ઇમામે ઝમાના(અ.સ.)ને મળવાનો શરફ ફક્ત અમૂક ખાસ આલિમો પૂરતો સિમિત નથી. પરંતુ ઘણા પરહેઝગાર અને સામાન્ય લોકોને પણ આ શરફ મળેલ છે. આપણને એકદમ નવાઇ લાગે કે જે લોકોને એક વખત ગુનાહ કરતા અને ખરાબ કાર્યો કરતા જોયા, પરંતુ પશ્ચાતાપ કર્યા બાદ, તેઓના દિલો ઇમામે ઝમાના(અ.સ.) પ્રત્યે મોહબ્બતથી પૂર થઇ જવાને લીધે તેઓને પણ ઇમામ(અ.સ.)ને મળવાની તક મળી, કે જેમાં સુન્ની ભાઇઓ પણ શામેલ છે.

સુન્નીભાઇઓમાંથી એક હસને ઇરાકી હતા. તે તેમની જવાનીમાં બદઅખ્લાક જીંદગી પસાર કરતા હતા. એક દિવસ તેમણે એકાએક ગફલતની ગાઢ નિંદ્રામાંથી જાગીને પોતાની જાતને પુછ્યુંઃ ''શું મને આ ખરાબ કાર્યો કરવા માટે ખલ્ક કરવામાં આવ્યો છે?'' પછી તે ખરાબ જગ્યા છોડી અને સીધો મસ્જીદ તરફ રવાના થયો. બનવાજોગ ત્યાં એક ઝાકિર ઇમામ મહદી(અ.સ.)ના બારામાં ગુફતગુ કરી રહ્યા હતા. હસને ઇરાકીની સંપૂર્ણપણે અસ્વસ્થ રૂહ ઇમામે ઝમાના(અ.સ.)ની મોહબ્બતમાં બળતા દિલે ફેરવાઇ ગઇ. ત્યારબાદ તે દરેક નમાઝ બાદ અલ્લાહ પાસે દુઆ કરતા કે અલ્લાહ તેમને તક આપે કે તે જીવંત ઇમામ(બકીય્યતુલ્લાહ અ.સ.)ની મુલાકાત કરે, અંતે તેની દુઆ કબુલ થઇ અને સાત દિવસો અને રાત્રિઓ ઇમામ(અ.સ.)ની હાજરીમાં નજાતની રાહ શિખ્યા.

ત્યાર બાદ હસને ઇરાકી ઇસ્લામના મહાન વિદ્વાન તરીકે જાણીતા થયા. એહલે સુન્નતના મહાન આલિમોમાંથી અબ્દુલ વહહાબ શારાની જેમણે આ કિસ્સાની રિવાયત કરી છે, તે તેમને ''મારા મહાન મૌલા શેખ ઈરાકી'' ના લકબથી બોલાવતા. (૪૯)

ગયબતે કુબરા દરમ્યાન ઇમામ(અ.સ.)એ ઇસ્લામના વિદ્વાનો અને વ્યક્તિઓને પત્રો લખ્યા છે. તે પત્રો દ્વારા નવા મુશ્કેલ મસઅલાના હલ આપ્યા છે અને જરૂરી માર્ગદર્શન આપ્યુ છે. આ પત્રોમાંનો એક પત્ર કે જે હિ.સ. ૪૧૦માં રવાના કર્યો હતો, જેમાં ઇસ્લામના નામાંકિત આલીમ મોહંમદ ઇબ્ને નોઅમાન, એટલે કે શૈખ મુફીદનાં વખાણ કર્યા હતા.

શૈખે મુફીદ તેના ઈલ્મ અને સમર્પણના લીધે એક ખાસ મકામ ધરાવતા હતા અને તે પત્ર તેમના પ્રયત્નો અને ખિદમતનો પુરાવો હતો. ઘણી સદીઓ વિત્યા છતા હજી લોકો માન આદર સાથે તેમની પ્રશંસા કરે છે.

આ પત્રનું મહત્વ દર્શાવે કે ઇમામ(અ.સ.) શીઆઓની ભૂલો અને ખરાબ કાર્યો પ્રત્યે સભાન છે, અને સાથો સાથ તેમના અસ્તિત્વનો મકસદ છે તેની ઉમ્મીદ આપે છે.

''અમે તમારી બધી જ બાબતોથી સુમાહિતગાર છીએ, અને તેમાંથી કશું જ અમારાથી છુપું નથી. જ્યારથી તમે આનંદ તલબ કરતા હતા, અને દુષ્કૃત્યો કરતા હતા, જેનાથી તમારા પૂર્વજો દૂર રહ્યા હતા. ત્યારથી તમે મુશ્કેલીઓમાં ફસાયા છો તેની અમને જાણ છે. જ્યારે તમારા પૂર્વજોએ તેઓ સાથે કરવામાં આવેલ વાયદાને તોડી નાંખ્યો, જાણે કે તેઓ તે વિશે જાણતા જ નથી. તેની અમને જાણ છે. અમે તમારાથી બેદરકાર નથી અને તમને ભૂલતા નથી, અગર એમ હોત તો મુશ્કેલીઓ અને આફતો તમારા પર પડતે, અને દુશ્મનોને તમારા પર ગલબો પામવાની તક મળી જતે, માટે અલ્લાહને યાદ કરો અને તેનાથી ડરો.''(૫૦)

ગયબતે કુબરા દરમ્યાન ઇમામ મહદી(અ.સ.)ના કિમતી લખાણો તેમના શીઆઓ માટે સૌથી વધુ મહત્વનું માર્ગદર્શન છે. આ લખાણો માટે ભરોસાપાત્ર શીઆઓની કિતાબો તરફ રજૂ થઇ શકાય છે.(૫૧)

જો કે આપણે અત્યારે ગયબતે કુબરાના અતિ સંવેદનશીલ ઝમાનામાંથી પસાર થઇ રહ્યા છીએ.

ઇસ્લામી હદીસોમાં જ્યારે બારમાં ઇમામ(અ.સ.)ની ગયબતના બારામાં ચર્ચા થાય છે, ત્યારે મુશ્કેલ ઇલાહી કસોટી તરફ નિર્દેશ કરવામાં આવે છે. આ ઇલાહી કસોટીમાં મુખ્લીસ અને વફાદાર શીઆઓને બીજાઓથી અલગ તારવવામાં આવે છે અને તેઓ એવા શુધ્ધ બની જાય છે, જેવી રીતે શુધ્ધ સોનુ.''(૫૨)

ઇસ્લામી હદીસોમાં શીઆઓના મુખ્લીસ ઇમાનની અને હઝરત નૂહ(અ.સ.)ના અમૂક અસહાબોના ઇમાન વચ્ચે સરખામણી  કરવામાં આવે છે, જેઓ ઘણી જ મુશ્કીલ કસોટીમાં હોવા છતા વફાદાર રહ્યા હતા અને નૂહ(અ.સ.)ની કશ્તી પર સવાર થઇને તોફાનથી નજાત મેળવી હતી.

માટે સદ્ભાગી એ છે જે આ ઇલાહી કસોટીમાં સફળ થાય. આપણે આશા રાખીએ કે આપણે તેમની હરોળમાં હોઇએ. (આમીન)

---ooo---

## ઇમામની ગયબત દરમીયાન શીઆઓ

હાલમાં એક શીઆની શું ફરજ છે? તેની શું જવાબદારી છે?

શું ખરેખર આપણી ગણના ઇમામ મહદી(અ.સ.)ના સાચા શીઆઓમાં થાય છે?

અગર આપણે પવિત્ર બારમાં ઇમામના પહેલાના પવિત્ર અઇમ્મા (અ.મુ.સ.)ના સહાબીઓની ઝીંદગીનો અભ્યાસ કરીએ અને તેઓની  જરા પણ ખચકાટ વગરની કુરબાનીઓ તરફ ધ્યાન આપીએ તો આપણે ગફલતની ઉંઘમાંથી જાગૃત થઇ જઇએ અને આપણને આપણી નબળાઇ અને અપરાધનો એહસાસ થશે.

શું સલમાન ફારસી, અબુઝરે ગફ્ફારી, અમ્માર બીન યાસીર અને માલીકે અશ્તર ઇમામ અલી અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના ઝમાનાના અસહાબો ન હતા? અને શું આપણે પણ આપણા ઝમાનાના ઇમામના સહાબીઓ નથી?

મીસમે તમ્માર કે જેમણે ‘અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલીબ(અ.સ.)’ની ફઝીલત વર્ણવવાનું બંધ નહોતુ કર્યુ. શું તેઓ હઝરત અલી(અ.સ.)ના સહાબી ન હતા? અને શું આપણે પણ ઇમામે ઝમાના(અ.સ.) સાથે એક અજીબ સમયમાંથી પસાર થઇ રહ્યા છીએ આપણે તેના અસહાબો નથી?

કરબલાના શહીદો કે જેઓ પોતાના ઝમાનાના ઇમામ, ઇમામ હુસૈન(અ.સ.) સાથેની મોહબ્બતના લીધે તેમની દિફાઅ માટે ઝઝુમ્યા અને શહીદ થયા, તેઓ તેમના અસહાબ અને

અનુયાયીઓ હતા અને આપણે અગર આપણો માલ, જાન આપણા ઝમાનાના ઇમામની રાહમાં દેવાથી ઇન્કાર કરીએ, તો શું તેમના અસ્હાબ કહેવાઇએ?

હિશામ ઇબ્ને હકમ શિયા હતા કે જે ઇલાહી ઇમામતના વિરોધીઓને તેમની અસામાન્ય અને કિંમતી ડીબેટ (વાદ-વિવાદની ચર્ચા) દ્વારા એવી રીતે કચડી નાખતા કે ઇમામે સાદિક(અ.સ.)એ તેમને પોતાના મદદગાર કહ્યા અને આપણે પણ જ્યારે આપણા ઝમાનાના ઇમામ(અ.સ.)ને ઓળખવાની અગ્રીમ ફરજ પરિપૂર્ણ કરવા પ્રત્યે પણ નિષ્ક્રીય હોઇએ, તો શું આપણે શીયા કહેવાઇએ?

આપણે કુરઆનમાં અને પવિત્ર પયગંબર(સ.અ.વ.)ની હદીસોમાં અને માઅસુમ અઇમ્મા(અ.મુ.સ.)ની હદીસોમાં બશારત વાંચીએ છીએ કે ઇમામે ઝમાના(અ.સ.)ની અમુક ખાસ જવાબદારીઓ છે જે બીજા અઇમ્મા(અ.સ.)ની ન હતી. ઇમામે ઝમાના(અ.સ.) વૈશ્વિક હુકુમતની સ્થાપના કરશે. તે પૃથ્વિને અદ્લ  અને ઇન્સાફથી ભરી દેશે. તે જમીનના ખઝાનાઓ અને કુદરતી સ્ત્રોતથી લાભ ઉપાડશે. તે ઝમીનની સુધારણા અને વિકાસ કરશે અને આ રીતે લોકોની જાગૃતિ અને સમજણની સુધારણા કરશે.(૬૧)

તેથી શું ઇમામ મહદી(અ.સ.)ના શીઆઓની પણ એ જ ખાસ ફરજ નથી? શું શીઆઓએ ઇમામ(અ.સ.)ના ખાસ સહાબીના મકામને હાસિલ કરવા પ્રયત્નો ન કરવા જોઇએ, જ્યારે તે ઇલાહી હુકમ દ્વારા ઝુહૂર ફરમાવે?

તેથી ચાલો આપણે જોઇએ કે આપણી ફરજો શું છે અને આપણે તેને કેવી રીતે બજાવી લાવવી જોઇએ? બેશક આપણી પ્રથમ ફરજ તેમનાથી પરિચિત થવું છે.

ઇમામે ઝમાના(અ.સ.)ની માઅરેફત (ઓળખાણ) એટલી મહત્વની અને જરૂરી છે કે પવિત્ર પયગમ્બર(સ.અ.વ.)ની હદીસોમાં આપણે વાંચીએ છીએઃ

***''તે શખ્સ કે જે ઇમામે ઝમાના(અ.સ.)ની માઅરેફત વગર મૃત્યુ પામે તે એવો છે કે જે જાહેલીય્યાહ(ના સમયમાં) મૃત્યુ પામે''(૬૨)***

જાહેલીય્યાહમાં મૃત્યુ પામવું એટલે (ઇસ્લામ આવવા પહેલાનો કુફ્રનો યુગ) ઇસ્લામ અને ઇમાન વગરનું મૃત્યુ અને તે દેખીતુ છે કે જે ઇમામે ઝમાના(અ.સ.)ની માઅરેફત વગર મૃત્યુ પામે તો તેને બેઇમાનોના સમૂહમાં ગણવામાં આવશે.

બીજી હદીસમાં ઇમામ મોહમ્મદ અલ બાકિર(અ.સ.)એ આ જ બાબતે ફરમાવ્યું છેઃ

*''જે કોઇ ઇમામ(ને સ્વિકાર્યા) વગર મૃત્યુ પામે તો તે એવી રીતે છે કે જાણે તેનું મૃત્યુ જાહેલીયતમાં થયુ અને લોકોને તેઓના ઇમામની માઅરેફતથી મૂક્તિ આપવામાં નથી આવી'' (૬૩)*

તેથી આપણા માટે પ્રયત્નો કરવા જરૂરી છે કે ઇસ્લામ અને આપણા ઇમાનની ખાતર ઇમામે ઝમાના(અ.સ.)ને આળખીએ, જેથી કરીને આપણી ગણના નજાત પામનાર અને મોઅમેનીનમાં થાય.

ગયબતે કુબરા દરમીયાન શીઆઓની બીજી ફરજ જે પવિત્ર ઇમામે ઉલ્લેખ કર્યો છે. તે છે ઉધ્ધારક માટે તૈયાર રહેવાનો પ્રશ્ન. તેથી નજાત માટેનું પ્રથમ પગલુ ઇમામે ઝમાના(અ.સ.)ની મઅરેફત છે અને બીજુ ઇમામે ઝમાના(અ.સ.)ની ન્યાયી હુકુમતની સ્થાપના માટે તૈયારી.

જે કોઇ રાહ જુએ છે અને પોતાની જાતને ઇમામના ઝુહુર માટે તૈયાર કરે છે, તેની અંદર ઇમામ મહદી(અ.સ.)ના સાથીઓ જેવા અખ્લાક અને ગુણો હોવા જરૂરી છે અને પોતાની ઝીંદગી અને સંપતિને તેમની રાહમાં કુરબાન કરવી જોઇએ. આ માટે ઇમામ સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*''જે કોઇ અમારા અમ્રનો ઇન્તેઝાર કરે છે, તે એવો છે કે જેણે પોતાનું ખૂન અલ્લાહની રાહમાં કુરબાન કર્યુ'' (૬૪)*

હા, જે ખરેખર ઇમામે અસ્ર(અ.સ.) માટે તૈયાર છે, તે અલ્લાહની રાહમાં શહીદ થવા સમાન છે.

બીજી એક હદીસમાં તે જ ઇમામ(અ.સ.) તેમના અમુક સહાબીઓને ઇમામે ઝમાના(અ.સ.)ની ખરેખર રાહ જોનાર વ્યક્તિના બારામાં ફરમાવ્યુંઃ

*''જે કોઈ અલ કાએમ(અ.ત.ફ.શ.)ની હુકુમતની અપેક્ષા રાખતો મરી જાય તો તે એવો છે કે જાણે તે અલ કાએમ(અ.ત.ફ.શ.)ની હાજરીમાં હોય''*

થોડી વાર ચૂપ રહ્યા બાદ આપ(અ.સ.)એ ઉમેર્યુ:

*''તે એવો છે કે જેને તેમનો સાથ આપવા દરમિયાન તલવાર મારવામાં આવી.''*

પછી તેમણે ભાર દેતા આગળ ઉમેર્યુ:

*''અલ્લાહની કસમ, તે એવો છે કે જેને અલ્લાહના રસુલની હાજરીમાં શહીદ કરવામાં આવ્યો હોય''(૬૫)*

શું ઈમામની અપેક્ષા રાખનારાઓમાં આપણી ગણતરી થાય એવુ આપણે ઇચ્છીએ છીએ? શું આપણે વલીયુલ્લાહનો ઈલાહી વાયદાનો ઈન્તેઝાર એ રીતે કરીએ છીએ જેવી રીતે આપણે આપણી ચહીતી વ્યક્તિનો મુસાફરીથી પરત ફરવાનો ઈન્તેઝાર કરીએ છીએ?

બીજી એક હદીસમાં ઈમામ સાદિક (અ.સ.) ઈમામ મહદી (અ.સ.)ના અસ્હાબની ખાસિયતો વર્ણવતા ફરમાવે છે:

*''અગર કોઈ વ્યક્તિ અલ-કાએમ(અ.સ.)ના અસ્હાબમાં શુમાર થવાની ખુશી અનૂભવવા ચાહતો હોય, તો પછી તેણે તેનો ઈન્તેઝાર કરવો જોઈએ અને તેણે સારી વર્તણુંક અને વિનમ્રતાથી વર્તવું જોઈએ. અગર તે અલ-કાએમ(અ.સ.)ના ઝુહૂર પહેલા મૃત્યુ પામે તો તેને તેમની ઈતાઅત કરનારા જેટલો સમાન સવાબ મળશે. તો પછી યોગ્ય રીતે વર્તો અને ઈન્તેઝાર કરો. જેથી આ પ્રયત્ન અને ઈન્તેઝાર તમને આનંદ આપશે, અય તમો જેણે નજાત પામી!''(૬૬)*

તેથી જે ઈન્તેઝાર કરી રહ્યો છે અને નેકી કરવાથી અને મહત્વના અમલ કરવાથી અટક્યો નથી, તેણે શ્રેષ્ઠ મકામ માટે એવી રીતે પ્રયાસ કરવો જોઈએ કે અલ્લાહ તેના પર રહેમત વરસાવે.

તેથી આપણે અલ્લાહ પાસે દુઆ કરવી જોઈએ કે તે આપણને ઈમામે ઝમાના(અ.સ.)ના મુન્તઝીરોમાં શુમાર કરે અને આપણા કાર્યો અને વર્તણુંક આપણા દાવાની સત્યતા દર્શાવે.

સૌપ્રથમ આપણે આપણી જાતને ઇમામ(અ.સ.)થી પરિચિત કરવી અને ત્યાર બાદ બીજાઓની તેમજ વિરોધીઓની અને દુશ્મનોની હિદાયત કરવી. આપણે ઇમામ મહદી(અ.સ.)ના અસહાબોની ખાસિયતો હાસિલ કરવી અને હંમેશા તેમના ઝુહુરની અપેક્ષા કરવી. આને લીધે આપણે આપણી મુલ્યહીન રૂહને કુરબાન કરવા શક્તિમાન થશુ. અને આ રીતે તેને કિંમતી બનાવી શકીશુ.

શીઆઓએ ગયબત દરમ્યાન પોતાના ઇમામ(અ.સ.) સાથે રાબેતો (સંબંધ) રાખવો જોઇએ.

તેઓના દિલ અને રૂહ તેમની મોહબ્બતથી ભરેલા હોવા જોઇએ.

તેઓએ ઇમામ(અ.સ.)ની ખિદમત કરવાના બારામાં વિચારવુ જોઇએ, તેમજ તેઓની ઇચ્છા તેમની મુલાકાતની હોવી જોઇએ.

તેઓની દુઆ એ હોવી જોઇએ કે ઇમામ(અ.સ.) પર અલ્લાહની રહેમત વરસે, તેઓની દુઆ નજાત માટે હોવી જોઇએ.

તેઓનું અસ્તિત્વ એક હોવુ જોઇએ અને તેઓની ઝીંદગી તેમની મોહબ્બતમાં પ્રજવલિત હોવી જોઇએ.

---000---

સંદર્ભો :

આ પુસ્તકમાં આપેલા ક્રમના સંદર્ભ અહી નીચે આપેલ છે.

(૧) સુ. તવ્બા, આ.૩૩ هُوَ الَّذِی أَرْسَلَ رَسُولَهُ بِالْهُدی وَ دینِ الْحَقِّ لِیُظْهِرَهُ عَلَی الدِّینِ کُلِّهِ وَلَوْ کَرِهَ الْمُشْرِکُون

(૨) સુ. અઅરાફ, આ. ૧૨૮

قالَ مُوسی لِقَوْمِهِ اسْتَعینُوا بِاللَّهِ وَ اصْبِرُوا إِنَّ الْأَرْضَ لِلَّهِ یُورِثُها مَنْ یَشاءُ مِنْ عِبادِهِ وَ الْعاقِبَةُ لِلْمُتَّقین

(૩) સુ. હદીદ, આ. ૧૭

اعْلَمُوا أَنَّ اللَّهَ یُحْیِ الْأَرْضَ بَعْدَ مَوْتِها قَدْ بَیَّنَّا لَکُمُ الْآیاتِ لَعَلَّکُمْ تَعْقِلُون

ઉપરોક્ત આયતની તફસીરમાં ઇમામ મોહમ્મદ બાકીર(અ.સ.)એ ફરમાવે છે.

**یُحْیِی الْاَرْضَ بِالْعَدْلِ بَعْدَ مَوْتِهَا بِالْجَوْرِ**

''તે પૃથ્વીને જીવંત કરશે ન્યાય વડે, તેના મૃત્યુ બાદ અન્યાયને લીધે.'' (અલ-કાફી)

(૪) સુ. નુર, આ. ૫૫

وَعَدَ اللَّهُ الَّذینَ آمَنُوا مِنْکُمْ وَ عَمِلُوا الصَّالِحاتِ لَیَسْتَخْلِفَنَّهُمْ فِی الْأَرْضِ کَمَا اسْتَخْلَفَ الَّذینَ مِنْ قَبْلِهِمْ وَ لَیُمَکِّنَنَّ لَهُمْ دینَهُمُ الَّذِی ارْتَضی لَهُمْ وَ لَیُبَدِّلَنَّهُمْ مِنْ بَعْدِ خَوْفِهِمْ أَمْناً یَعْبُدُونَنی لا یُشْرِکُونَ بی شَیْئاً وَ مَنْ کَفَرَ بَعْدَ ذٰلِکَ فَأُولٰئِکَ هُمُ الْفاسِقُونَ

(૫) સુ. સફ, આ. ૮

یُریدُونَ لِیُطْفِؤُا نُورَ اللَّهِ بِأَفْواهِهِمْ وَ اللَّهُ مُتِمُّ نُورِهِ وَلَوْ کَرِهَ الْکافِرُون

(૬) સુ. નિસા, આ. ૫૯

یا أَیُّهَا الَّذینَ آمَنُوا أَطیعُوا اللَّهَ وَ أَطیعُوا الرَّسُولَ وَ أُولِی الْأَمْرِ مِنْکُمْ فَإِنْ تَنازَعْتُمْ فی شَیْءٍ فَرُدُّوهُ إِلَی اللَّهِ وَ الرَّسُولِ إِنْ کُنْتُمْ تُؤْمِنُونَ بِاللَّهِ وَ الْیَوْمِ الْآخِرِ ذٰلِکَ خَیْرٌ وَ أَحْسَنُ تَأْویلا

(૭) મુન્તખબુલ અસ્ર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, ભાગ:૩, પ્રકરણ : ૧

**لَوْلَمْ يَبْقَ مِنَ الدُّنْيَا اِلَّا يَوْمٌ وَاحِدٌ لَطَوَّلَ اللّٰهُ ذٰلِكَ الْيَوْمَ حَتّٰى**

**يَبْعَثَ فِيْهِ رَجُلًا مِنْ اُمَّتِيْ وَ مِنْ اَهْلِ بَيْتِيْ يُوَاطِيْ اسْمُهُ اِسْمِيْ يَمْلَأُ**

**الْاَرْضَ قِسْطًا وَعَدْلًا كَمَا مُلِئَتْ جَوْرًا وَظُلْمًا**

(૮) મુન્તખબુલ અસ્ર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, ભાગ:૧, પ્રકરણ : ૪

**الْأَئِمَّةُ مِنْ بَعْدِيْ اِثْنَا عَشَرَ اَوَّلُهُمْ اَنْتَ يَا عَلِيُّ وَآخِرُهُمُ الْقَآئِمُ**

الَّذِيْ يَفْتَحُ اللّٰهُ عَزَّوَجَلَّ عَلٰى يَدَيْهِ مَشَارِقَ الْاَرْضِ وَمَغَارِبَهَا

(૯) મુન્તખબુલ અસ્ર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, ભાગ:૨, પ્રકરણ : ૪

**اَمَا عَلِمْتُمْ اَنَّهُ مَا مِنَّا اِلَّا وَيَقَعُ فِيْ عُنُقِهِ بَيْعَةٌ لِطَاغِيَةِ زَمَانِهِ اِلَّا**

**الْقَآئِمُ الَّذِيْ يُصَلِّيْ رُوْحُ اللّٰه (ع) خَلْفَهُ فَاِنَّ اللّٰهَ عَزَّوَجَلَّ يُخْفِيْ**

**وِلَادَتَهُ وَيُغَيِّبُ شَخْصَهُ لِئَلَّا يَكُوْنَ فِيْ عُنُقِهِ بَيْعَةٌ اِذَا خَرَجَ ذٰلِكَ**

**التَّاسِعُ مِنْ وُلْدِ اَخِي الْحُسَيْنِ، اِبْنِ سَيِّدَةِ الْاِمَاءِ يُطِيْلُ اللّٰهُ عُمُرَهُ فِيْ**

**غَيْبَتِهِ ثُمَّ يَظْهَرُ بِقُدْرَتِهِ فِيْ صُورَةِ شَابٍّ دُوْنَ اَرْبَعِيْنَ سَنَةٍ وَذٰلِكَ**

**لِيُعْلَمَ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ**

(૧૦) મુન્તખબુલ અસ્ર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, ભાગ:૨, પ્રકરણ : ૨૧

**اَلْإِمَامُ مِنْ بَعْدِيْ مُوْسٰى وَالْخَلَفُ الْمُنْتَظَرُ مُحَمَّدُ بْنُ الْحَسَنِ بْنُ عَلِيِّ**

بْنِ مُحَمَّدِ بْنِ عَلِيِّ بْنِ مُوْسٰى

(૧૧) અલ આમાલીએ શૈખે સદુક(અ.ર.), પાના:૪૮૯

**لِكُلِّ اُنَاسٍ دَوْلَةٌ يَرْقَبُوْنَهَا وَدَوْلَتُنَا فِيْ آخِرِ الدَّهْرِ تَظْهَرُ**

(૧૨) ઈસ્બાતુલ હુદા, શૈખ હુર્રે આમેલી, ભાગ:૬, પાના:૪૧૭

اَنَا الْقَآئِمُ بِالْحَقِّ وَلَكِنَّ الْقَآئِمَ الَّذِىْ يُطَهِّرُ الْاَرْضَ مِنْ اَعْدَاءِ اللّٰه

وَيَمْلَؤُهَا عَدْلًا كَمَا مُلِئَتْ جَوْرًا هُوَ الْخَامِسُ مِنْ وُلْدِى لَهُ غَيْبَةٌ

يَطُوْلُ اَمَدُهَا خَوفًا عَلٰى نَفْسِهِ يَرْتَدُّ فِيْهَا اَقْوَامٌ وَيَثْبُتُ فِيْهَا

آخَرُوْنَ...طُوْبٰى لِشِيْعَتِنَا الْمُتَمَسِّكِيْنَ بِحَبْلِنَا فِى غَيْبَةِ قَائِمِنَا

الثَّابِتِيْنَ عَلٰى مُوَالَاتِنَا وَالْبَرَاءَةِ مِنْ اَعْدَائِنَا اُولٰئِكَ مِنَّا وَنَحْنُ

مِنْهُمْ قَدْ رَضُوا بِنَا اَئِمَّةً وَرَضِيْنَا بِهِمْ شِيْعَةً فَطُوْبٰى لَهُمْ ،هُمْ وَاللّٰه

مَعَنَا فِىْ دَرَجَتِنَا يَوْمَ الْقِيَامَةِ

(૧૩) ઈસ્બાતુલ હુદા, શૈખ હુર્રે આમેલી, ભાગ:૬, પાના:૪૨૭

كَاَنِّىْ بِكُمْ وَقَدِ اخْتَلَفْتُمْ بَعْدِى بِالْخَلَفِ اَمَا اِنَّ الْمُقِرَّ بِالْاَئِمَّةِ بَعدَ

رَسُوْلِ اللّٰه)ص( الْمُنْكِرَ لِوَلَدِى كَمَنْ اَقَرَّ بِنُبُوَّةِ جَمِيْعِ اَنْبِيَاءِ اللّٰه

وَرُسُلِهِ وَ اَنْكَرَ نُبُوَّةَ رَسُوْلِ اللّٰه)ص( وَ الْمُنْكِرَ لِرَسُوْلِ اللّٰه كَمَنْ

اَنْكَرَ جَمِيْعَ اَنْبِيَاءِ اللّٰه لِاَنَّ طَاعَةَ آخِرِنَا كَطَاعَةِ اَوَّلِنَا وَالْمُنِكِرُ

لِآخِرِنَا كَالْمُنْكِرِ لِاَوَّلِنَا اَمَا اِنَّ لِوَلَدِىْ غَيْبَةً يَرْتَابُ فِيْهَا النَّاسُ اِلَّا

مَنْ عَصَمَهُ اللّٰهُ

(૧૪) મુન્તખબુલ અસ્ર ફીલ ઇમામે સાનીએ અશર(અ.સ.), લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાનીએ અમુક હદીસો સંકલીત કરી છે.

(૧૫) આ પુસ્તકોનુ સંક્ષિપ્ત અનુક્રમણીકા નજમુસ્સાકિબ, હાજી મીરઝા હુસૈન તબ્રસીમાં મળી શકે છે.

(૧૬) મકાતિલ અત્તાલીબીય્યીન, અબુલ ફરજ ઇસ્ફહાની જેમાં અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)ની ઔલાદો જે હી.સ. ૩૧૩ સુધીમાં શહીદ થઇ તેના નામો દર્શાવવામાં આવ્યા છે.

(૧૭) ઇસ્બાતુલ વસીય્યહ, અબુલ હસન અલી ઇબ્નલ હુસૈન અલ મસુદી, પાનાઃ૪૩૫

(૧૮) અલ કાફી, કિતાબુઇ હુજ્જત, પ્રકરણઃ અબી મોહમ્મદ અલ હસન ઇબ્ને અલી(અ.સ.)ના જન્મનું પ્રકરણ. લે.મોહમ્મદ ઇબ્ને યાકુબ અલ કુલૈની.

(૧૯) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.) ભાગઃ૧, પાનાઃ૧૦૧

(૨૦) ઇરશાદ, લે. શૈખે મુફીદ(અ.ર.) પ્રકરણ–અબી મોહમ્મદ અલ હસન બિન અલી (અ.સ.)ની વફાત

(૨૧) અલ ગયબહ, લે. શૈખે તુસી, પાનાઃ૧૬૦, શવાહીદુન્નબુવ્વહ, લે. અબ્દુલ રહેમાન અલ જામી અલ હનફી

(૨૨) કુરઆને મજીદ સુરએ કસસ ૨૮:૭ થી ૧૨

وَ أَوْحَيْنا إِلى أُمِّ مُوسى أَنْ أَرْضِعيهِ فَإِذا خِفْتِ عَلَيْهِ فَأَلْقيهِ فِي الْيَمِّ وَ لا تَخافي وَ لا تَحْزَني إِنَّا رَادُّوهُ إِلَيْكِ وَ جاعِلُوهُ مِنَ الْمُرْسَلينَ (૭)

فَالْتَقَطَهُ آلُ فِرْعَوْنَ لِيَكُونَ لَهُمْ عَدُوًّا وَ حَزَناً إِنَّ فِرْعَوْنَ وَ هامانَ وَ جُنُودَهُما كانُوا خاطِئينَ (૮)

وَ قالَتِ امْرَأَتُ فِرْعَوْنَ قُرَّتُ عَيْنٍ لي وَ لَكَ لا تَقْتُلُوهُ عَسى أَنْ يَنْفَعَنا أَوْ نَتَّخِذَهُ وَلَداً وَ هُمْ لا يَشْعُرُونَ (૯)

وَ أَصْبَحَ فُؤادُ أُمِّ مُوسى فارِغاً إِنْ كادَتْ لَتُبْدي بِهِ لَوْ لا أَنْ رَبَطْنا عَلى قَلْبِها لِتَكُونَ مِنَ الْمُؤْمِنينَ (૧૦)

وَ قالَتْ لِأُخْتِهِ قُصِّيهِ فَبَصُرَتْ بِهِ عَنْ جُنُبٍ وَ هُمْ لا يَشْعُرُونَ (૧૧)

وَ حَرَّمْنا عَلَيْهِ الْمَراضِعَ مِنْ قَبْلُ فَقالَتْ هَلْ أَدُلُّكُمْ عَلى أَهْلِ بَيْتٍ يَكْفُلُونَهُ لَكُمْ وَ هُمْ لَهُ ناصِحُونَ (૧૨)

(૨૩) કુરઆને મજીદ ૨૧:૬૯

قُلْنا يا نارُ كُوني بَرْداً وَ سَلاماً عَلى إِبْراهيمَ (૬૯

અને અય આગ હઝરત ઇબ્રાહીમ(અ.સ.) માટે ઠંઠી અને સલામત થઇ જા

(૨૪) યનાબીઉલ મવદ્દહ, લે. સુલૈમાન ઇબ્ને ઇબ્રાહિમે કુન્દુઝી

**وَلِدَ لِاَبِيْ مُحَمَّدٍ الْحَسَنِ مَوْلُوْدُ فَسَمَّاهُ مُحَمَّدًا فَعَرَضَهُ عَلى اَصْحَابِهِ يَوْمَ الثَّالِثِ وَقَالَ :هٰذَا اِمَامُكُمْ مِنْ بَعْدِيْ وَخَلِيْفَتِيْ عَلَيْكُمْ وَهُوَ الْقَآئِمُ الَّذِيْ تَمْتَدُّ اِلَيْهِ الْاَعْنَاقُ بِالْاِنْتِظَارِ فَاِذَا امْتَلَاَتِ الْاَرْضُ جَوْرًا وَظُلْمًا خَرَجَ فَيَمْلَؤُهَا قِسْطًا وَعَدْلًا**

(૨૫) સય્યદ ઇબ્ને તાઉસે ઇમામે હસન અસ્કરી(અ.સ.)થી વર્ણવેલ છે.

زَعَمَتِ الظَّلَمَةُ اَنَّهُمْ يَقْتُلُوْنَنِىْ لِيَقْطَعُوْا هٰذَا النَّسْلَ كَيْفَ رَاَوْا

قُدْرَةَ الْقَادِرِ

(૨૬) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.) ભાગ:૨, પાના:૧૦૪

(૨૭) ઇરશાદ, લે. શૈખે મુફીદ(અ.ર.), અલી મોહમ્મદ અલ હસન ઇબ્ને અલી(અ.સ.)ની વફાતનું પ્રકરણ

(૨૮) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.) ભાગ:૨, પાના:૧૦૪

(૨૯) ઇરશાદ, લે. શૈખે મુફીદ(અ.ર.), પ્રકરણ બારમાં ઇમામ(અ.સ.)

اَرَانِيْهِ اَبُوْ مُحَمَّدٍ عَلَيْهِ السَّلَامُ وَقَالَ هٰذَا صَاحِبُكُمْ

(૩૦) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.) ભાગ:૨, પાના:૧૦૯

(૩૧) ઇસ્બાતુલ હુદા, શૈખ હુર્રે આમેલી, ભાગ:૬, પાના:૪૩૩

(૩૨) ઇસ્બાતુલ હુદા, શૈખ હુર્રે આમેલી, ભાગ:૬, પાના:૨૦

(૩૩) ઇમામે ઝમાના(અ.સ.)ના નાએબોના નામ અને સાબિતિ માટે રેજાલની કિતાબો તરફ રજુ થઇ શકાય છે.તેમાથી તનકીહુઇલ મકાલ ભાગ:૧, પાના:૨૨૦

(૩૪) અલ ગયબહ, લે. શૈખુત્તાએફ અબી જાફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને હસન અલ તુસી, પાના:૨૧૫

هٰذَا اَبُوْ عَمْرٍو الثِّقَةُ الْاَمِيْنُ مَاقَالَهُ لَكُمْ فَعَنِّىْ يَقُوْلُهُ وَمَا اَدَّاهُ

اِلَيْكُمْ فَعَنِّىْ يُؤَدِّيْهِ

(૩૫) ઉપરોક્ત સંદર્ભ

هٰذَا اَبُوْ عَمْرٍو الثِّقَةُ الْاَمِيْنُ ثِقَةُ الْمَاضِىْ فَثِقَتِىْ فِى الْمَحْيَا وَالْمَمَاتِ

فَمَا قَالَهُ لَكُمْ فَعَنِّىْ يَقُوْلُهُ مَا اَدّٰى اِلَيْكُمْ فَعَنِّىْ يُؤَدِّيْهِ

(૩૬) તારીખુલ ગયબતુલ સુગરા, લે. મોહમ્મદ અસ સદ્ર પાનાઃ ૪૦૧

اِنَّا اِلَیْهِ رَاجِعُوْنَ، تَسْلِیْمًا لِاَمْرِهٖ وَرِضَاءً بِقَضَائِهٖ عَاشَ اَبُوْكَ سَعِیْدًا

وَمَاتَ حَمِیْدًا، فَرَحِمَهُ اللهُ وَ اَلْحَقَهُ بِاَوْلِیَائِهٖ وَمَوَالِیْهِ عَلَیْهِمُ السَّلَامُ

فَلَمْ یَزَلْ مُجْتَهِدًا فِیْ اَمْرِهِمْ سَاعِیًا فِیْمَا یُقَرِّبُهُ اِلَی اللهِ عَزَّ وَجَلَّ

وَاِلَیْهِمْ نَضَّرَ اللهُ وَجْهَهُ وَ اَقَالَ عَثْرَتَهُ

(૩૭) તારીખુલ મકાલ લે. મામકાની, ભાગઃ૩, પાનાઃ ૧૪૯

(૩૮) અલ ગયબહ, લે. શૈખ તુસી, પાનાઃ૨૧૯

العمروی وَ ابْنُهُ ثِقَتَانِ فَمَا أَدَّيَا إِلَیْكَ فَعَنِّی یُؤَدِّیَانِ وَ مَا قَالَا لَكَ فَعَنِّی

یَقُوْلَانِ فَاسْمَعْ لَهُمَا وَ أَطِعْهُمَا فَإِنَّهُمَا الثِّقَتَانِ الْمَأْمُوْنَانِ

(૩૯) અલ ગયબહ, લે. શૈખ તુસી, પાનાઃ૨૨૦

فَإِنَّهُ ثِقَتِی وَ كِتَابُهُ كِتَابِی

તારીખુલ મકાલ લે. મામકાની, ભાગઃ૩, પાનાઃ ૨૨૦

(૪૦) તારીખુલ ગયબતુસ સુગરા, લે. મોહમ્મદ અસ સદ્ર પાનાઃ૪૦૭

(૪૧) અલ ગયબહ, લે. શૈખ તુસી, પાનાઃ૨૩૬

(૪૨) બેહારૂલ અનવાર, લે. અલ્લામા મજલીસી, ગયબતની કિતાબ, પ્રકરણઃ૨૧, શલ્મગાનીની ગયબતમાંથી વર્ણવેલ

(૪૩) અલ ગયબહ, લે. શૈખ તુસી, પાનાઃ૨૪૨ અને ૨૪૩

**بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيمِ يَا عَلِيَّ بۡنَ مُحَمَّدٍ السَّيۡمَرِيَّ أَعۡظَمَ اللّٰهُ أَجۡرَ**

إِخۡوَانِكَ فِيكَ فَإِنَّكَ مَيِّتٌ مَا بَيۡنَكَ وَ بَيۡنَ سِتَّةِ أَيَّامٍ فَاجۡمَعۡ أَمۡرَكَ وَ لَا

تُوصِ إِلَى أَحَدٍ فَيَقُومَ مَقَامَكَ بَعۡدَ وَفَاتِكَ فَقَدۡ وَقَعَتِ الۡغَيۡبَةُ التَّامَّةُ

فَلَا ظُهُورَ إِلَّا بَعۡدَ إِذۡنِ اللّٰهِ تَعَالَى ذِكۡرُهُ وَ ذٰلِكَ بَعۡدَ طُولِ الۡأَمَدِ وَ قَسۡوَةِ

**الۡقُلُوبِ وَ امۡتِلَاءِ الۡأَرۡضِ جَوۡراً وَ سَيَأۡتِي لِشِيعَتِي مَنۡ يَدَّعِي الۡمُشَاهَدَةَ**

أَلَا فَمَنِ ادَّعَى الۡمُشَاهَدَةَ قَبۡلَ خُرُوجِ السُّفۡيَانِيِّ وَ الصَّيۡحَةِ فَهُوَ كَذَّابٌ

**مُفۡتَرٍ وَ لَا حَوۡلَ وَ لَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ الۡعَلِيِّ الۡعَظِيمِ**

(૪૪) અલ ખરાઈજ, લે. કુતુબુદ્દીન રાવન્દી, બેહારૂલ અનવાર, લે. અલ્લામા મજલીસી, પ્રકરણઃ૧૩અને ૨૧માંથી વર્ણવેલ

(૪૫) કશફુલ ગુમ્માહ, ભાગઃ ૩, અલ મનાકીબ, ભાગઃ૩ પાનાઃ ૪૫૬

**وَ أَمَّا الۡحَوَادِثُ الۡوَاقِعَةُ فَارۡجِعُوا فِيهَا إِلَى رُوَاةِ حَدِيثِنَا فَإِنَّهُمۡ حُجَّتِي**

عَلَيۡكُمۡ وَ أَنَا حُجَّةُ اللّٰهِ عَلَيۡهِمۡ

(૪૬) મુન્તખબુલ અસ્ર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, પ્રકરણઃ૨૯

**فَقُلۡتُ لِلصَّادِقِ ع فَكَيۡفَ يَنۡتَفِعُ النَّاسُ بِالۡحُجَّةِ الۡغَائِبِ الۡمَسۡتُورِ قَالَ**

ع كَمَا يَنۡتَفِعُونَ بِالشَّمۡسِ إِذَا سَتَرَهَا السَّحَابُ

તેણે ઇમામે સાદિક(અ.સ.)ને પુછ્યુઃ ગયબતમાં ગાએબ હુજ્જતથી લોકો કેવી રીતે ફાયદો હાસિલ કરી શકે? તેમણે જવાબ આપ્યોઃ તેઓ એવી રીતે ફાયદો હાસિલ કરી શકે જેવી રીતે વાદળ પાછળ છુપાયેલ સૂરજથી હાસિલ કરે છે.

(૪૭) નજમુસ સાકિબ, લે. હાજી મીરઝા હુસૈન તબરસી, નુરી, પ્રકરણઃ૭

(૪૮) કશફુલ હુજ્જહ અથવા બરનામાએ સાદાત, સય્યદ ઇબ્ને તાઉસ, ભાગઃ૭૭ પાનાઃ ૭૪

(૪૯) કશફુલ અસતાર, લે. હાજી મીરઝા હુસૈન તબરસી નૂરી ભાગઃ ૧ પાનાઃ૧૮

(૫૦) બેહારૂલ અનવાર, લે. અલ્લામા મજલીસી, ભાગઃ ૩ પાનાઃ ૧૭૫

**فإنّا نُحِيْطُ علما بأنبائكم و لا يعزب عنا شيء من أخبار كم و**

معرفتنا بالذل الذى أصابكم مذ جنح كثير منكم إلى ما كان

السلف الصالح عنه شاسعا و نبذوا العهد المأخوذ وراء ظهورهم

كأنهم لا يعلمون أنا غير مهملين لمراعاتكم و لا ناسين لذكركم و

لو لا ذلك لنزل بكم اللأواء و اصطلمكم الأعداء فاتقوا الله جل

**جلاله**

(૫૧) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.) પ્રકરણઃ૪૯, બેહારૂલ અનવાર, લે. અલ્લામા મજલીસી, ભાગઃ ૧૩ પ્રકરણઃ ૩૬, એહતેજાજ, લે. તબરસી, ભાગઃ૨

(૫૨) અલ ગયબહ, લે. નોઅમાની, પાનાઃ ૧૦૭

(૫૩ થી ૬૦) ---

(૬૧) મુન્તખબુલ અસર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, વિભાગઃ૭

(૬૨) ઇલ્ઝામુન નાસીબ ફી ઇસબાતીલ હુજ્જહ, અલ ગાએબ, લે. શૈખ અલી યઝદી હાએરી, પાનાઃ ૫

**مَنْ مَاتَ وَلَيْسَ لَهُ إِمَامٌ فَمِيتَتُهُ مِيتَةٌ جَاهِلِيَّةٌ**

(૬૩) મુન્તખબુલ અસર, લુત્ફુલ્લાહ સાફી ગુલપાયગાની, વિભાગ:૧૦, પ્રકરણ:૫

مَنْ مَاتَ وَلَيْسَ لَهُ إِمَامٌ فَمَوْتُهُ مِيتَةٌ جَاهِلِيَّةٌ وَلَا يُعْذَرُ النَّاسُ حَتَّى

يَعْرِفُوا إِمَامَهُم

(૬૪) કમાલુદ્દીન, લે. શૈખે સદુક(અ.ર.), પાના: ૩૩૬

وَ الْمُنْتَظِرُ لِأَمْرِنَا كَالْمُتَشَحِّطِ بِدَمِهِ فِي سَبِيلِ اللَّهِ

(૬૫) બેહારૂલ અનવાર, લે. અલ્લામા મજલીસી, ભાગ: ૩ પાના: ૧૨૬

مَنْ مَاتَ مِنْكُمْ وَ هُوَ مُنْتَظِرٌ لِهَذَا الْأَمْرِ كَمَنْ هُوَ مَعَ الْقَائِمِ فِي

فُسْطَاطِهِ قَالَ ثُمَّ مَكَثَ هُنَيْئَةً ثُمَّ قَالَ لَا بَلْ كَمَنْ قَارَعَ مَعَهُ بِسَيْفِهِ

ثُمَّ قَالَ لَا وَ اللَّهِ إِلَّا كَمَنِ اسْتُشْهِدَ مَعَ رَسُولِ اللَّهِ ص

(૬૬) અલ ગયબહ, મોહમ્મદ ઇબ્ને ઇબ્રાહીમ ઇબ્ને જઅફર અન નોઅમાની, પાના: ૧૦૬

مَنْ سُرَّ أَنْ يَكُونَ مِنْ أَصْحَابِ الْقَائِمِ فَلْيَنْتَظِرْ وَ لْيَعْمَلْ بِالْوَرَعِ وَ

مَحَاسِنِ الْأَخْلَاقِ وَ هُوَ مُنْتَظِرٌ فَإِنْ مَاتَ وَ قَامَ الْقَائِمُ بَعْدَهُ كَانَ لَهُ

مِنَ الْأَجْرِ مِثْلُ أَجْرِ مَنْ أَدْرَكَهُ فَجِدُّوا وَ انْتَظِرُوا هَنِيئاً لَكُمْ أَيَّتُهَا

الْعِصَابَةُ الْمَرْحُومَةُ